## પ્રકરણ ૭ મું

# વાઘેલા–સમયનું ખંભાત

## ( વિ. સં. ૧૨૭૬–૭૭ )

અર્ણોરાજ ( ઈ. સ. ૧૧૭૦ ) ગુજરાતનો સોલંકી મહારાજ ભીમદેવ બીજો અણહીલવાડની ગાદી ઉપર હતો, તે નબળો હતો. ખંડિયા રાજાઓથી તથા અન્ય દુશ્મનોથી તે પોતાનું રક્ષણ કરવાને શક્તિમાન ન હતો. આ વખતે કુમારપાળની માસીનો દીકરો અર્ણોરાજ કુમારપાળની સેવામાં રહેતો હતો; તેની સેવાથી ખુશ થઈ સામંતપદ અને ભીમપલ્લી કે વ્યાઘ્રપલ્લી ( વાઘેલ ) ગામ આપ્યું[1] આ વ્યાઘ્રપલ્લી (વાઘેલ) ઉપરથી વાઘેલા નામ પડયું છે.[2] અને તે ગામના નામ ઉપરથી વાઘેલા-વંશ કહેવાયો અને સોલંકીવંશના અંત પછી ગુજરાતના તે વંશના રાજા થયા.

લવણપ્રસાદ ( ઈ. સ. ૧૨૦૦ ) ભીમદેવ બીજાનો તે પ્રધાન હતો. ભીમદેવ તો માત્ર નામનો જ રાજા હતો. છતાં લવણપ્રસાદ અણહીલવાડની ગાદીને વફાદાર રહીને ' મહામંડલેશ્વર 'ના ખિતાબથી સંતુષ્ટ હતો.

વિ. સં. ૧૩૧૧ના ડભોઈના પ્રશસ્તિ લેખમાં લખ્યું છે કે ' ખંભાત આગળ લવણપ્રસાદે કોઈ મુસલમાન ચડાઈનો સામનો કર્યો.[3] પણ અહીં કોઈ મુસલમાન લડાઈ થઈ હોવાનો પત્તો મુસલમાની ઇતિહાસોમાંથી મળતો નથી.

ધવળપ્રસાદ – એ લવણપ્રસાદનો પુત્ર હતો. ખંભાતનો પ્રદેશ લાટ દેશના રાજાના કબજામાં હતો; તે ઈ. સ. ૧૨૨૦ ( સં. ૧૨૭૬ )માં ધોળકાથી ખંભાત સુધીનો વિશાળ જાગીરનો ધણી થઈ ગયો.[4]

લવણપ્રસાદ તથા ધવલપ્રસાદનાં નામો ખંભાતના ચિંતામણીપાર્શ્વનાથના એક લેખમાંથી તથા કુંથુનાથના મંદિરના લેખમાંથી મળે છે.[5] એટલે તેમનું આધિપત્ય અહીં હતું એ સ્પષ્ટ છે. એટલે ખંભાતના અધિકારી માટે લવણપ્રસાદ અને વીરધવલ બંનેએ મળીને શ્રી વસ્તુપાલ નામના જૈન મંત્રીની નિમણૂક કરી.

### ખંભાતનો મહાઅમાત્ય વસ્તુપાલ
### ( વિ. સં. ૧૨૭૬ ઈ. સ. ૧૨૨૦ )

વિ. સં. ૧૨૭૬–૭૭માં ખંભાત લાટની હદમાં હતું તે લવણપ્રસાદે અચાનક છાપો મારી જીતી[6] લીધા પછી તેની વ્યવસ્થા કરવા ત્યાં દંડનાયક તરીકે વસ્તુપાલની નિમણૂક કરવામાં આવી.

સોલંકી રાજાઓના સમયમાં ખંભાતના મહામાત્ય તરીકે ઉદયને ઇતિહાસમાં અમરત્વ પ્રાપ્ત કર્યું છે; તેવી રીતે : ત્યાર પછી થયેલા વાઘેલા રાજાઓના સમયમાં મહામાત્ય તરીકે વસ્તુપાલ-તેજપાળે ખંભાતના અને ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણકીર્તિ મેળવી છે. તેની દાનપ્રશંસા, ધર્મગાથા, વીરતા, સાહિત્ય–રસિકતા વગેરે તેની

---

૧. પ્રબંધ ચિં. પૃ. ૧૯૯

૨. એ જ પૃ. ૨૦૬

૩. ગુ. મ. ઠ. રા. ૯, પૃ. ૪૩૨

૪. એ જ પૃ. ૪૨૪

૫. પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભા. ૨ જો પૃ. ૩૦૯; લેખાંક ૪૪૮–૪૪૯

૬. વસંતવિલાસ સર્ગ ૪; શ્લોક ૧૭–૨૪

યશગાથા ગાનારા ઘણા શિલાલેખો, સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ગ્રંથો છે. એટલા તો કોઈ રાજાના પણ કદાચ નહિ હોય !

પૂર્વજો – વસ્તુપાળનો જન્મ પાટણ શહેરમાં પોરવાડ વંશમાં એક ખાનદાન કુટુંબમાં થયો હતો. તેના વડવાઓમાં ગુજરાતના રાજાઓના સલાહકાર તરીકે મોટા મોટા હોદ્દા ભોગવ્યા છે. વસ્તુપાળના પિતાના દાદા ચંડપ સોલંકી રાજાઓનો મંત્રી હતો. તેનો બાપ ચંડપ્રસાદ તે પણ મંત્રી હતો. તેનો પુત્ર સોમ થયો તે સિદ્ધરાજના રત્નભંડારનો અધિષ્ઠાતા હતો. સોમને અશ્વરાજ નામે પુત્ર હતો, તે ચાલુક્ય રાજાનો મંત્રી હતો, તેને કુમારદેવી નામની સ્ત્રીથી જે પુત્ર થયો તે વસ્તુપાળ. આ સિવાય તેજપાળ વગેરે ત્રણ પુત્ર અને સાત પુત્રીઓ હતી.

## વસ્તુપાલનું ખંભાતમાં આગમન
## ( વિ. સ. ૧૨૭૬ ઈ. સ. ૧૨૨૦ )

સત્કાર – ખંભાતના મહાઅમાત્યની નિમણૂક થતાં તેઓ શુભ મુહૂર્ત જોઈ ખંભાત આવવા નીકળ્યા.

॥ [૬]નિર્હેતુ હેતુ સંતોના, ધરામાં ન્યાય ધારવા
શ્રી વસ્તુપાલ ખંભાતે પધાર્યા તે સુધારવા ૩

સ્તંભતીર્થે મનસ્તીર્થે, પ્રભાવે તુલ્ય શંભુના
દોષ એ ન હરે કે 'નો, ન દે ઇચ્છિત કેહને ૪

ખંભાત નજીક આવતાં તે બાબતની પ્રજાને જાણ થઈ; આથી તે હર્ષઘેલી થઈ ગઈ; અને પ્રજાએ ધ્વજાપતાકાથી ઘર, મહોલ્લા, બજારો વગેરે શણગારી દીધું.

" હાટે હાટે વસ્ત્ર શોભા, તોરણો ઘેરે ઘેરે જ્યાં
પુરુષે પુરુષે પ્રીતિ, તે મંત્રી પ્રાપ્ત ત્યાં થતાં ૮

ધાન્ય જેવું ક્ષેત્ર ધન્ય, જેમ પૂર્ણ-જળે સર
ઘાટું વન ફળે જેમ, થયો તેણે શુભ તે પુર ૯

૬. કીર્તિકૌમુદી ( ગુ. ભા. ) સ. ૪ કડી ૩

સ્ત્રીપુરુષો સારાં વસ્ત્રાલંકારો સજીને સામૈયું કરવા તેની સામાં ગયાં. ત્યાં ભેટણાં મૂક્યાં; અને વાજતે ગાજતે તેમને સ્તંભતીર્થમાં લાવ્યા. તેમણે ઉત્તમદુર્ગમાં (મહેલમાં) નિવાસ કર્યો. આ સમયે તેમની વય ૩૫–૩૬ વર્ષની હશે.[૭]

## ખંભાતની રાજ્યવ્યવસ્થા કરવી

નગરમાં આવ્યા બાદ જૂના અધિકારીઓને બોલાવી તેમની પાસે હિસાબ તપાસી લઈ યોગ્ય અધિકારીઓને પુનઃસ્થાપના કરી.[૮]

" પુર અન્યાધિકારીયે, રોગે જેમ હતું દમ્યું
તેથી આ વૈદ્યની પેઠે, તંત્રી મંત્રી કરે સમુ." ૧૧

સંતને જે કરી પીડા, અન્ય કો અધિકારીયે
તે નિવારી વસ્તુપાલે, હાલમાં અધિકારીયે ૧૨

બધે ખીલી રહ્યા સંતો, સૂકાણાં ખળનાં મુખ
ગયો દૂર દુરાચાર ખેડે, વ્યાપાર લઈ સુખ ૧૫

વેપારી વ્હાણ કેરા જે, પકડી લાવતા જનો
રોકી તે દાખવ્યો જેણે, દાખલો આંહિ ધર્મનો ૧૬

સ્પૃષ્ટા-સ્પૃષ્ટ-નિષેધાર્થ, બાંધી મર્યાદા-ચોતરો
ગોટાળો છાશ વ્હેચ્યાને તેને બંધ ત્યહાં કર્યો ૧૭

કેટલાક કર ઓછા કર્યા, દેવસ્થાનોમાં સંત રિબાતા હતા તેમનાં દુઃખ ભાગ્યાં; સર્વ પ્રજા સુખી થાય તેવા ઉપાયો કર્યા. દેવાલયોનો ઉદ્ધાર

૭ દુ. કે. શાસ્ત્રી ગુ. મ. સ. ઈ. પૃ. ૪૪૩ ઉપર વોટસન મ્યુઝિયમ રાજકોટના ઉત્તીર્ણ લેખોના આધારે તેમના જન્મની સાલ વિ. સં. ૧૨૪૦–૪૨ હોવાનું અનુમાન કરે છે અને વિ. સં. ૧૨૭૬માં અન્ય પ્રબંધાત્મક ગ્રંથોના આધારે તેમને ખંભાતની પ્રધાન મુદ્રા આપે છે. જેથી તેઓની ઉંમર ૩૫ –૩૬ વર્ષની હોવી સંભવિત છે.

૮. કી. કૌ. સ. ૪, પૃ. ૪૨

કરાવ્યો, બગીચા કરાવ્યા, તળાવો ખોદાવ્યાં અને રાજહંસોથી શોભવા લાગ્યાં; પરબો બેસાડી, બ્રહ્મપુરીઓ વસાવી; પોષધશાળાઓ કરાવી. આમ અનેક પ્રકારે પ્રજાજીવના સુખના માર્ગો તેણે કર્યા.

## ખંભાતનો ધનાઢ્ય વહાણવટી સદીક અથવા સૈયદ

એક દિવસ વસ્તુપાલ આગળ એક વણિક પુત્રે દુઃખદ વાતો જણાવી કે આ નગરમાં અતિશય લક્ષ્મીવાળો સગર નામનો વેપારી રહેતો હતો; તેના પુણ્યનો ક્ષય થવાથી તે નિર્ધન થયો. તેનો દેવ નામનો હું પુત્ર છું. સદીક નામનો એક વેપારી આ ગામમાં વસે છે. તેની સાથે મારો પિતા ભાગીદારી કરતો હતો. જે સદીકને ઘેર સુવર્ણની સાંકળોથી શોભતા ૧૪૦૦ અશ્વો છે; બહાદુર વીર જેવા ૧૪૦૦ સિપાઈ છે; ૩૦૦ મનોહર હાથીઓ છે. તેના ઘરમાં સુવર્ણ; મણિમુક્તા અને કીમતી મુક્તાફળોની ગણતરી થઈ શકે તેમ નથી એવો તે રિદ્ધિવંતો છે.

આથી સહજ સમજાશે કે સૈયદ જેવા કેટલાય વહાણવટી હશે ! અને પ્રત્યેક પાસે કેટલી રિદ્ધિ-સિદ્ધિ હશે ? અને ખંભાત શહેર કેટલું સમૃદ્ધ હશે; તેનો ખ્યાલ આવી જશે.

વળી તેણે જણાવ્યું કે મારા પિતા સગરે બધી વસ્તુઓના વ્યાપારમાં ખર્ચ અને નુકસાન જતાં બાકી નફો રહે તેમાંથી હું ચોથો ભાગ લઈશ એવો ઠરાવ શેઠ ( સૈયદ )ની સાથે કરી સમુદ્રની પૂજા કરી વહાણો ચાલતાં કર્યાં. પુણ્યયોગથી એડન બંદરથી હેમધુલી પ્રાપ્ત થઈ. મારા પિતાએ બહુ યત્નથી તેને અહીં ( ખંભાત ) આણી. સદીકને ખબર પડતાં મારા ઘરમાંથી સર્વસ્વ લૂંટી લઈને મારા પિતાને મરાવી નાખ્યો છે. માટે મારી એવી વિનંતી છે કે મને તે હેમધુલીનો ચોથો ભાગ મળવો જોઈએ.

મંત્રીશ્વરે તેની સઘળી હકીકત સાંભળી ધૈર્ય આપી અવસર આવતાં હું તારું કાર્ય અવશ્ય કરીશ એમ કહી તેને પોતાના ભંડાર–ખાતામાં નામું લખવા રાખ્યો.

એક દિવસ વસ્તુપાલે સદીકને બોલાવવા પોતાના નોકરને મોકલ્યો. નોકર સાથે તેણે કહેવડાવ્યું કે 'સત્પુરુષોમાં અગ્રેસર, ધુરંધુર વ્યાપારી અને લક્ષ્મીથી ભરપૂર તમે વિનયવૃત્તિનો સ્વીકાર કરી અત્રે આવો.' આ પ્રકારે નોકરનું કથન સાંભળતાં તે ક્રોધિત થઈને બોલ્યો કે 'પૂર્વે ઘણા રાજાઓ અને સેંકડો મંત્રીઓ થઈ ગયા પણ આવું નિષ્ઠુર વચન કોઈએ મને કદાપિ સંભળાવ્યું નથી. સહુ કોઈ કોઈ પણ નિમિત્તથી મારે ઘેર મળવાને આવે છે. સમસ્ત રિદ્ધિથી વૃદ્ધત્વ પામેલો હું કોઈ નરેન્દ્રને ઘેર જતો નથી; અને આ મંત્રી આ નગરમાં અત્યારે નવીન માર્ગ શા માટે ચલાવવા માગે છે. તેને જે જે જોઈએ તે તે હું અહીં બેઠે જ આપી શકું તેમ છું. માટે તેમણે મારે ઘેર મળવા આવવું જોઈએ કે જેથી તેમનું કામકાજ નિઃશંકપણે આ નગરમાં થઈ શકે.' દૂતે આવીને મંત્રીશ્વરને સદીકનાં વચનો કહ્યાં. તે સાંભળતાં વસ્તુપાળ ક્રોધાવેશમાં આવી ગયો. સદીક વિષે પહેલી ફરિયાદ તો હતી અને વળી આ ગર્વિષ્ઠ-પણાનું બીજું કારણ મળ્યું; એટલે સદીકને સીધો કરવાનું વિચારી તેને તૈયાર રહેવા કહેવડાવ્યું.

## ભરૂચના રાજા શંખને મદદે બોલાવ્યો

વસ્તુપાળના દૂતે આવીને સદીકને લડાઈ માટે તૈયાર રહેવા કહ્યું, એટલે સદીકે પોતે તૈયારી કરી અને પોતાનો મિત્ર શંખ કે જે ભરૂચના પ્રદેશનો રાજા હતો; તેને પોતાની પરિસ્થિતિ જણાવી અને તેને લશ્કર લઈ પોતાની મદદમાં ખંભાત બોલાવ્યો. શંખના મનમાં ખંભાત પોતાનું હતું અને તે વીરધવલે લઈ લીધેલું તેથી ઝેર તો હતું અને પછી સદીક તેને લડાઈ માટે બોલાવ્યો; એટલે તે તરત

મોટું લશ્કર લઈ ખંભાત આવ્યો. અને પોતાના લશ્કર સાથે સમુદ્રકાંઠે પડાવ નાખ્યો.૯

વસ્તુપાલે ધોળકાથી પોતાના રાજા પાસેથી લશ્કર મંગાવ્યું.

### વટકૂપ અથવા વડવા સ્થળે યુદ્ધ

'રોફ વેગે તટે આવી વટકૂપ તળાવને
જણાવ્યું ઢોલને ઘોષે, નિજાગમન શત્રુને'
(કી. કૌ. સ. ૫–૭)

શંખ લશ્કર લઈને આવ્યાની ખબર વસ્તુપાલને કાને પડતાં તે પણ લશ્કર લઈને ગયો. હાથી સામે હાથી, ઘોડેસવાર સામે ઘોડેસવાર, રથની સામે રથવાળા એમ સરખી કોટીના લડવા લાગ્યા. આમ ચતુરંગ સેના સામસામી લડવા લાગી.

વસ્તુપાલ તરફથી 'સકલ ગૌલકુલાલંકાર ભુવનપાલને મોકલ્યો. આ ભુવનપાલ ગુર્જર સેનાનો મોટો અધિકારી હતો; વસ્તુપાલનો પરમ મિત્ર હતો અને ગોલા જ્ઞાતિનો વીરપુરુષ હતો. આથી આપણે અનુમાન કરી શકીએ કે ખંભાતમાં 'ગોલા' જ્ઞાતિ હાલ પોતાની જાતને 'રાણા' લખાવે છે, તો તે જ્ઞાતિના માણસો પહેલાં સેનામાં જોડાતા હશે. તે જ્ઞાતિની વસ્તી ખંભાતમાં વિશેષ છે; તો આજથી લગભગ સાડીસાતસો વર્ષ ઉપર તે અસ્તિત્વ ધરાવતી હશે.

ભુવનપાલ૧૦ (લૂણપાલ) જ્યારે લડાઈમાં નીકળ્યો ત્યારે તેણે કહ્યું કે 'જો હું શંખ સિવાય બીજા કોઈને મારું તો કપીલા ગાયને માર્યાનું મને પાપ લાગે.' એવી પ્રતિજ્ઞા લઈને તે કહેવા લાગ્યો કે 'શંખ ક્યાં છે?' એમ બૂમ પાડી કે તરત જ હું શંખ છું એમ કહેતો એક લડવૈયો બહાર આવ્યો. એટલે તેને પાડી દીધો. એવી જ રીતે બીજો બહાર આવ્યો એટલે તેને પાડ્યો અને પછી 'શું દરિયો પાસે છે તેથી શંખો પણ ઘણા છે? એમ કહ્યું એટલે ભુવનપાલ (લૂણપાલ)ની શૂરવીરતા વખાણતો અને તેને પડકારતો મહા શૂરવીર શંખ પોતે જ બહાર આવ્યો. જ્યાં લૂણપાલ ભાલાથી મારવા જાય છે ત્યાં શંખે લૂણપાલને વીંધી નાંખ્યો. વસ્તુપાલને ભુવનપાલનું શિર બતાવવામાં આવ્યું ત્યારે તેણે પોતાનું શિરોવેષ્ટન (માથાની પાઘડી) નીચે ઉતારી નાખ્યું; એવો તે શોકમગ્ન અને ક્રોધિત થયો. પછી પોતે શંખની સાથે યુદ્ધમાં ઊતર્યો, બંને પક્ષનાં માણસો મરાયાં; પરંતુ છેવટે શંખનો પરાભવ થયો અને સદીક મરાયો.

વસ્તુપાલે યુદ્ધને સ્થળે લૂણપાલેશ્વર નામનું મંદિર બંધાવ્યું. આ લડાઈ ઉનાળામાં થઈ હતી. (લડાઈની ચોક્કસ તારીખ–તિથિ મળતાં નથી.)

સદીકને ઘેર જઈ તેની હવેલીમાંથી પાંચ હજાર સોનાની ઈંટો લીધી. ૧૪૦૦ ઘોડા અને મણી-માણિક્ય વગેરે ઝવેરાત લીધું તથા હેમધૂલિ લીધી. તે સઘળું ધોળકા વીરધવળ પાસે મોકલતાં તેમાંથી તેણે ઝવેરાત વગેરે રાખ્યું; અને હેમધૂલિ વસ્તુ-પાલને આપી. વસ્તુપાલે તેનો ચોથો ભાગ સગરના પુત્રને આપી.

મહોત્સવ – વસ્તુપાલે 'શંખનો પરાભવ' કરી શહેરમાં પ્રવેશ કર્યો. તે પ્રસંગે હજારો સ્ત્રી-પુરુષો રસ્તાઓ ઉપર ટોળેટોળાં એકત્ર થાય છે; આથી રસ્તા સાંકડા થઈ ગયા. નગરનાં નરનારીઓ મહા અમાત્યની યશગાથા ગાય છે, લોકોએ ઘરને તોરણોથી શણગાર્યાં છે, ગીતો ગવાઈ રહ્યાં છે, મંત્રીશ્વર શ્રી દુર્ગા અને એકલવીરા દેવીની સમક્ષ દર્શન કરવા ગયો, અને પંચામૃતથી માતાજીની

---

૯. પ્રબંધ ચિંતામણી (વિ. સં. ૧૩૬૧) પૃ. ૨૧૪

૧૦. પ્રબંધ ચિ. માં લુણપાલ નામ આપ્યું છે. અને સોમેશ્વર કવિએ તેને 'ભુવનપાલ' નામ કી. કૌ. સ. ૫. શ્લો. ૪૩--૪૪માં આપ્યું છે.

પૂજા કરી, માતાજીની સ્તુતિ કરી, પછી શહેરના બગીચામાં મધ્યાહ્ન વીતાવવાને માટે ( આરામ લેવા ) રહ્યો અને સાંજ પડતાં મહાલયમાં ગયો. આથી સમજાય છે કે શ્રી દુર્ગા માતાનું સ્થાન હજી સુધી સમુદ્ર ઉપર રહ્યું છે; પરંતુ તેના મંદિરનો ઉપક્રમ થયો જ નથી. વળી એકલવીરા માતાનું મંદિર ક્યાં આવ્યું, તેની તપાસ કરતાં કાંઈ પત્તો લાગતો નથી.

'શંખ પરાભવવ્યાયોગ'

વસ્તુપાલ વિષે ઘણાં પુસ્તકો લખાયાં છે એમ ઉપર જણાવ્યું છે, તેમાં સોમેશ્વર દેવકૃત કીર્તિ-કૌમુદી ( સં. ૧૨૫૦–૧૩૦૦ના ગાળામાં ), મેરૂતુંગ રચિત પ્રબધચિંતામણી ( વિ. સં. ૧૩૬૧ ), રાજશેખર રચિત પ્રબંધ કોશ ( વિ. સં. ૧૪૦૫ ) આ બધામાંથી વસ્તુપાલના સર્વ વૃતાંતો મળે છે. શંખ સાથેની લડાઈને લગતું 'શંખ પરાભવ વ્યાયોગ' પુસ્તક હમણાં જ વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરના સુપ્રસિદ્ધ નિયામક ડૉ. શ્રી ભોગીલાલ સાંડેસરાએ ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝમાં પ્રસિદ્ધ કર્યું છે. શંખનો પરાભવ કર્યો એ મુખ્ય છે. વ્યાયોગ એ સંસ્કૃત નાટકનો એકાંકી નાટ્યપ્રકાર છે. જેમાં વીરરસ હોય અને સ્ત્રીપાત્રનો અભાવ હોય.

આ નાટકનો લેખક 'કવિ સાર્વભૌમ મહોપાધ્યાય શ્રી હરિહર છે' આ કવિ વસ્તુપાલના સાહિત્યમંડળનો અગ્રેસર હતો. તેણે આ પ્રસંગ જાતે જોયો હોય એમ લાગે છે; આ નાટકકૃતિ ખંભાતમાં ભજવાઈ હતી. એટલે તે જોવા પોતે રહે એ સ્વાભાવિક છે. કવિ હરિહર એના વિષે પ્રબંધકોશમાં બારમો પ્રબંધ આપવામાં આવ્યો છે.

સાર્વભૌમ મહોપાધ્યાય પંડિત હરિહર

કવિ હરિહર ગૌડ બ્રાહ્મણ, ભારદ્વાજગોત્રનો હતો. તે 'નૈષધીયચરિત'ના લેખક શ્રી હર્ષનો વંશજ હતો. તે જ્યારે ગુર્જર ભૂમિ તરફ આવ્યો ત્યારે તેની સાથે ૨૦૦ ઘોડાઓ, ૫૦૦ માણસો અને ૫૦ ઊંટો એટલું લઈ અને ઉદાર હાથે દાન કરતો કરતો ધવલક ( ધોળકા ) પાસેના ગામમાં આવ્યો.

રાણા વીરધવળ, શ્રી વસ્તુપાલ ( મંત્રી ) અને સોમેશ્વરદેવ ( રાજ–પુરોહિત )ને એક બાળક સાથે આશીર્વાદ મોકલ્યા. આશીર્વાદના શ્લોકોની રચના વગેરેથી રાણો વીરધવળ તથા શ્રી વસ્તુપાળ વગેરે ઘણા પ્રસન્ન થયા અને પંડિતનો સવારે પ્રવેશ-મહોત્સવ કરાવવાનું નક્કી કર્યું. સોમેશ્વરદેવને આશીર્વાદના શ્લોકથી મન પ્રસન્ન ન થયું અને ઊલટી તે બાળકની અવગણના કરી. બાળકે હરિહરના નિવાસ ઉપર જઈને સઘળી હકીકત કહી. પંડિત હરિહરના દિલને ખરાબ લાગ્યું. અને સોમેશ્વર ઉપર ગુસ્સે થયો.

બીજે દિવસે રાણો તથા મંત્રીશ્વર તથા ચારે વર્ણના નગરજનો સાથે તે ધામધૂમથી સામો લેવા ગયો; અને વાજતે ગાજતે શહેરમાં પ્રવેશ કરાવ્યો. રાણાએ ધન, વસ્ત્ર, અલંકાર, ઘોડા વગેરે તેને આપ્યું; અને ઘણા જ સન્માનપૂર્વક પોતાના મહાલયમાં ઉતારો આપ્યો.

નિત્ય, દરબારમાં પંડિત હરિહર જાય છે; અને વાર્તાવિનોદમાં રાજાને આનંદ કરાવે છે. એક દિવસના યોગે એવું બન્યું કે દરબાર ભરેલો હતો, તેમાં પંડિતો, રાજ્યાધિકારીઓ, સોમેશ્વરદેવ વગેરે બેઠેલા હતા ત્યાં રાણાએ પંડિત હરિહરને કહ્યું કે હે પંડિત! આ નગરમાં અમે 'વીરનારાયણ' નામનો મહેલ કરાવ્યો છે. તેની પ્રશસ્તિનાં ૧૦૮ કાવ્યો સોમેશ્વરદેવે રચેલાં છે તે તમે સાંભળો. જેથી શુદ્ધપણાનું જ્ઞાન થાય. હરિહરે કહ્યું કે તે કાવ્ય કહો, સોમેશ્વરે તે કહ્યાં. તે સાંભળીને હરિહરે કહ્યું કે હે દેવ ! આ કાવ્યો તો સારાં છે તેમ જ અમારાં પરિચિત છે. કેમ કે માલવાની ઉજ્જન

નગરીના ' સરસ્વતી કંઠાભરણુ ' નામના પ્રાસાદના ગર્ભગૃહમાં પટ્ટિકા ઉપર શ્રી ભોજદેવના વર્ણનરૂપ આ કાવ્યો તેમાં જોયાં છે. જો આપને વિશ્વાસ ન આવતો હોય તો એ પરિપાટીપૂર્વક હું કહું તે આપ સાંભળો. એમ કહીને તે કાવ્યો ક્રમપૂર્વક અસ્ખલિત રીતે પંડિત હરિહર બોલી ગયો. આ સાંભળી રાણાને ખેદ થયો તેમ સોમેશ્વરદેવ તો ડઘાઈ જ ગયો. પોતાના પાંડિત્યને ઝાંખપ લાગી જવાથી તે તો શરમનો માર્યો ચાલ્યો જ ગયો.

સોમેશ્વરે વસ્તુપાલને ઘેર જઈ કહ્યું કે આ કાવ્યો મારાં જ છે; પણ પંડિત હરિહરે મારી વગોણી કરી છે. હવે મારે શું કરવું ? વસ્તુપાલે તેને ધીરજ આપી અને હરિહરને ઘેર જઈ તેને મળી આવો. તરત સોમેશ્વરદેવ હરિહર પાસે ગયો. સોમેશ્વરને પોતાને ઘેર આવેલો જોઈ તેને સન્માન આપ્યું. સોમેશ્વરે પોતાનું ભરદરબારમાં થયેલા અપમાનની વાત કહી; અને મારી પુનઃપ્રતિષ્ઠા વધારો એમ નમ્રભાવે સૂચન કર્યું. હરિહરે કહ્યું કે તમે ચિંતા ન કરશો.

બીજે દિવસે દરબાર ભરાયો; તેમાં સોમેશ્વર પંડિત તથા હરિહર પંડિત વગેરે હાજર હતા; અને પ્રસ્તાવના યોજાઈ. વસ્તુપાલે કહ્યું : પંડિતજી ! આટલી બધી શક્તિ કેવી રીતે પ્રાપ્ત થઈ? ત્યારે હરિહર પંડિતે કહ્યું કે હે દેવ! મેં ' કાવેરી ' નદીને તીરે ' સારસ્વત ' મંત્ર સાધ્યો હતો. હોમવેળાએ સરસ્વતીદેવી પ્રસન્ન થયાં; અને મને વરદાન માગવાનું કહ્યું. મેં કહ્યું કે હે જગતની અદ્વિતીય જનની ! જો તું તુષ્ટ થઈ હોય તો એક વાર કહેલાં ૧૦૮ ઋચા, ષટ્પદ, કાવ્ય વગેરે અવધારણ કરવા માટે હું સમર્થ બનું. દેવીએ કહ્યું કે તેમ થાઓ. ત્યારથી જે ૧૦૮ બોલે તે હું કહી આપું છું. જેથી સોમેશ્વરદેવના રચિત ૧૦૮ શ્લોકો હું બોલી ગયો. આ બાબતની પ્રતીતિ થવા સોમેશ્વરનાં રચેલાં બીજાં પદો બોલાવ્યાં. તો તે હરિહર બોલી ગયો, જેથી રાજાને તથા મંત્રીશ્વરને ખાતરી થઈ. ત્યારથી પંડિત સોમેશ્વર અને પંડિત હરિહર બંને મિત્રો થઈને રહ્યા.

હરિહર પંડિત વારંવાર નૈષધચરિતનાં કાવ્યો સમયોચિત બોલતો હતો; તેથી મંત્રીશ્વરે પંડિતને પૂછ્યું કે આ કયો ગ્રંથ છે. પંડિતે કહ્યું કે એ નૈષધ મહાકાવ્ય છે. તેનો કર્તા કોણ ? જવાબ–શ્રી હર્ષ. વસ્તુપાલે કહ્યું કે તેની હસ્તપ્રત મને બતાવો. હરિહરે કહ્યું કે તેની બીજી પ્રતો નથી માટે આ પ્રત ચાર પ્રહર માટે જ આપને આપું છું; પછી મને પાછી આપી દેજો. મંત્રીશ્વરે રાતોરાત લહિયાઓને બોલાવીને તે પુસ્તકની નકલ કરાવી લીધી. તેને જીર્ણ રજ્જુ વિંટાળવામાં આવ્યું અને ધુમાડામાં મૂકવામાં આવ્યું. એટલે તેને જૂના જેવું બનાવી ભંડારમાં મુકાવી દીધું. સવારે હસ્તપ્રત પાછી આપવામાં આવી અને સાથે સાથે કહ્યું કે અમારા ભંડારમાં પણ આ શાસ્ત્ર છે એમ અમને યાદ આવે છે. ભંડારમાં તપાસ કરાવી તો તે પુસ્તક નીકળ્યું. એ જોતાં જ પંડિત હરિહરે કહ્યું કે હે પ્રધાન ! આ તમારી જ માયા છે.

પંડિત હરિહર મહાવિદ્વાન, ધનવાન અને સુપ્રતિષ્ઠિત હતો તેનો રચેલો કોઈ ગ્રંથ હજી હસ્તગત થયો નથી પણ જૈન ભંડારોમાંથી પૂ. પુણ્યવિજયજીના હાથમાં ' શંખ પરાભવ વ્યાયોગ ' આવતાં તેમણે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પ્રાચ્ય વિદ્યામંદિરના નિયામક ડૉ. ભોગીલાલ સાંડેસરાને આપ્યો. તેમણે ઘણી જ કાળજીપૂર્વક તે સંસ્કૃત ગ્રંથ તૈયાર કરી પ્રસિદ્ધ કર્યો. આપણા ખંભાતનો – નજરે જોયેલા કવિએ લખેલો – તે ઇતિહાસગ્રંથ ઘણો કીમતી છે.

પછી કવિ હરિહર સોમનાથનાં દર્શન કરવા પ્રભાસપાટણ જાય છે. ત્યાં દર્શન કરી ખૂબ દાન કરે છે; પાછા ફરતાં તે ધોળકે આવે છે; અને રાણા વીરધવળ તથા મંત્રીશ્વર વસ્તુપાળની રજા લઈ કાશી જાય છે.

### દિલ્હીના રાજા મોઈજુદ્દીનની માનો કરેલો સત્કાર

એક દિવસ દિલ્હીના રાજા મોઈજુદ્દીનની[૮] માતા મક્કે હજ કરવા જવા માટે પોતાની સંપત્તિ સહિત ખંભાત આવી અને ગુપ્તપણે વહાણવટીના ઘરમાં રહ્યાં. આ હકીકત કોઈએ મંત્રીને કહી. મંત્રીના જાણવામાં આવતાં તેણે વિચાર કર્યો કે 'દિલ્હીપતિની માતાને સ્વેષ્ટ સિદ્ધિના નિમિત્તે મારે માન આપવું જોઈએ.' તેણે પોતાના માણસો મોકલી તે બુઢ્ઢી અમ્માનું સઘળું હતું તે બધું લૂંટાવી લીધું; અને તે સાચવી રાખ્યું. આ માઠો બનાવ બન્યો તેથી પેલો વહાણવટી વસ્તુપાલ મંત્રી પાસે આવ્યો અને ફરિયાદ કરી કે અમારે ત્યાં આવેલાં મહેમાનમાં એક વૃદ્ધ ડોસીની તમામ વસ્તુઓ કોઈ ચોરી ગયું છે. વસ્તુપાલે અજાણ્યા થઈ પૂછ્યું કે આ ડોસી કોણ છે? પેલા વહાણવટીએ કહ્યું કે એ દિલ્હીના રાજા મોઈજુદ્દીનની અમ્મા છે. આ વાત સાંભળતાં પોતે ઘણો ખેદ જાહેર કર્યો અને પોતાનાં માણસોને ધમકાવી બુઢ્ઢી અમ્માનો સઘળો માલ પાછો અપાવ્યો. પછી તેને પોતાને ઘેર લઈ જઈ ઘણી ઉત્તમ રીતે આતિથ્ય કર્યું. બુઢ્ઢી અમ્મા ઘણી રાજી થઈ ગઈ. વળી તેને વધારે પ્રસન્ન કરવાને કહ્યું કે 'તમે મક્કે હજ કરવા જાઓ છો તો હું તમને એક આરસપહાણનું તોરણ ઘડાવી આપું છું' એમ કહી એક તોરણ કરાવ્યું અને તેને છૂટું પડાવી નાખ્યું. પછી સૂત્રકારોને સાથે મોકલી મક્કાની મસ્જિદને દ્વારે બંધાવ્યું. આ તોરણની કિંમત ત્રણ લાખ દ્રમ હતી.

ડોસી મક્કેથી હજ કરી પાછાં ફર્યાં અને ખંભાત આવ્યાં. વસ્તુપાલે સારો ઉત્સવ કરી તેમનો શહેરમાં પ્રવેશ કરાવ્યો. દસ દિવસ તેમની સારી મહેમાનગીરી કરી. પછી મોઇજુદ્દીનની માતા દિલ્હી જવા તૈયાર થયાં. એટલે વસ્તુપાલે કહ્યું કે 'માતા! જો આજ્ઞા હોય તો હું આપને મૂકવા આવું.' બાદશાહની માતા બહુ પ્રસન્ન થઈ અને કહ્યું, 'ત્યાં તો મારું રાજ્ય છે માટે તમે સુખેથી આવો.' આ પ્રમાણે તેની આજ્ઞા મળી એટલે વીરધવલ રાજાની આજ્ઞા લઈ પાંચસો ઘોડા, વસ્ત્ર અને સુગંધાદિ પદાર્થો વગેરે લઈને તે બુઢ્ઢી અમ્મા સાથે વસ્તુપાલ દિલ્હી તરફ ચાલ્યો, અને દિલ્હીથી થોડે દૂર પડાવ નાખ્યો.

મોઇજુદ્દીનને ખબર મળી કે માતા હજ કરીને પાછાં પધારે છે; એટલે તે વાજતેગાજતે સામૈયું કરવા આવ્યો, અને તેને ગામમાં લઈ ગયો. મોઈજુદ્દીન માતાને પૂછે છે કે હે માતા! રસ્તામાં શત્રુઓ વગેરેથી કંઈ ઉપદ્રવ થયો હતો? ત્યારે તે બોલી કે હે પુત્ર! જેમ સર્વ કાર્યોમાં સમર્થ એવો તું મારો પુત્ર છે તેમ લક્ષ્મીમાં તારા કરતાં અધિક, પરોપકારમાં તત્પર અને બુદ્ધિમાન એવો મંત્રી વસ્તુપાલ મારો ધર્મપુત્ર છે. તેની સહાયથી નિર્વિઘ્ને મેં યાત્રા કરી છે. આ પ્રમાણે કહી તેણે વસ્તુપાલે નીકળતી વખતે આપેલો મુક્તામય હાર બાદશાહને બતાવ્યો તે જોઈ વિસ્મય પામેલા મોઈજુદ્દીને પોતાની માતાને કહ્યું કે હે માતા! તે મંત્રીને અહીં કેમ ન લાવ્યાં? તેનાં દર્શન કરી હું પ્રત્યુપકાર કરી કૃત્યકૃત્ય થાત.' માતા બોલી કે તે મંત્રીને અતિ ગૌરવ સહિત સાથે લાવીને મેં અહીં નગરીની બહાર રાખ્યો છે. પછી બાદશાહ સેના સજ્જ કરી બહુ આદરપૂર્વક મંત્રી

---

૮ 'મોઈજુદ્દીન કોણ?' આ સંબંધમાં ગુજરાતી દી. અં. સને ૧૯૩૪, પૃ. ૧૬ તથા પૃ. ૨૩ ઉપર શ્રી ભો. જ. સાંડેસરાએ વિસ્તારથી લેખ લખ્યો છે. તેમાં મોઈજુદ્દીન તે અલ્તમશ હોવાનું ધારે છે. વળી,' ગુજરાતના ઈ. પૃ. ૩૦૫ ઉપર શ્રી નદવી સાહેબ પણ શંકાશીલ દૃષ્ટિએ કબૂલ કરે છે. કારણ કે આ બનાવ કોઈ મુસલમાનના ઇતિહાસગ્રંથમાં નોંધાયો નથી એમ તે કહે છે.

વસ્તુપાલને દિલ્હીમાં તેડી લાવ્યો. દશ હાથી અને સો ઘોડા તથા માણિક્ય, હીરા વગેરે ભેટ મૂકી.

પછી તે બાદશાહ પ્રસન્ન થઈ બોલ્યો કે અમારા માતુશ્રી તમારાં બહુ વખાણ કરે છે. તમે તેમની સારી ચાકરી કરી; માટે મારી એવી ઇચ્છા છે કે તમે કંઈક માગી લો. મંત્રીશ્વર બોલ્યો કે મારે કંઈ ન્યૂન નથી પણ મારી એવી ઇચ્છા છે કે 'ચાલુક્ય રાજા સાથે તમારા જન્માવધિ પ્રજાને આનંદકારી અને નિર્મળ પ્રીતિ થાય અને મમ્માણી ખાણના સ્વચ્છ પાંચ પથ્થર મળે.' રાજાએ તે વાત કબૂલ કરી અને પૂનડશાહને સાક્ષી રાખ્યા. પછી મંત્રીશ્વર ખંભાત પાછો આવ્યો.

આમ વસ્તુપાલે પોતા માટે નહિ પણ રાજ્ય અને પ્રજા માટે ઉભયને સુખ પ્રાપ્ત થાય તેવી ફરજ બજાવી, સ્વાર્થને તિલાંજલિ આપી.

## સંઘાધિપતિ વસ્તુપાલ (વિ. સં. ૧૨૭૭)

વિ. સં. ૧૨૭૬ (ઈ. સ. ૧૨૨૦)માં તેમણે ખંભાતના મહામાત્યની મુદ્રા ધારણ કર્યા પછી તેમણે શેત્રુંજય અને ગિરનારની સંઘયાત્રાઓ કરવા નિર્ધાર કર્યો; પોતાના ગુરુ શ્રી વિજયસેનસૂરિ પાસે યાત્રાઓનું માહાત્મ્ય સાંભળ્યું; યાત્રીઓને પાળવાના નિયમો, વ્રતો, દાન આદિ પ્રકારો તેણે સંપૂર્ણ સમજી લીધા અને પાલન કરવાના નિર્ણયો લીધા; જ્યાં પોતાની સાથે હજારો માણસોને યાત્રા કરાવવાનો લાભ આપવો તે ધર્મપ્રેમી અને ધનપતિઓનું પોતાની ફરજરૂપ ધર્મપગલું છે. વસ્તુપાલે સંઘપતિ થઈ શેત્રુંજયની મહાયાત્રા કરી. તેણે પોતાના જીવનમાં એકંદરે ૧૩ યાત્રાઓ કરી હતી. જેમાં વિ. સં. ૧૨૪૯-૫૦માં શેત્રુંજય અને ગિરનારની યાત્રા પોતાના પિતા સાથે; અને અમાત્યપદવી વિ. સં. ૧૨૭૬માં મળ્યા પછી વિ. સં. ૧૨૭૭માં પોતાના પરિવાર તથા હજારો માણસો સાથે યાત્રા કરી તે સંઘપતિ (સંઘવી) કહેવાયો. વિ. સં. ૧૨૮૩ થી ૧૨૮૯ સુધીનાં સાત વર્ષોમા અખંડ રીતે દરસાલ યાત્રામહોત્સવો ઉજવ્યા હતા.

આ યાત્રાનું વર્ણન સુકૃતસંકીર્તન, કીર્તિકૌમુદિ, ધર્માભ્યુદય વગેરે ગ્રંથોમાં આપવામાં આવ્યું છે; પરન્તુ તે સઘળામાં 'ધર્માભ્યુદય' ગ્રંથનું વર્ણન ઘણું રસિક અને અતિશયોકિતથી પર છે. વળી તેના લેખક ઉદયપ્રભસૂરિ તે સંઘમાં હતા, એટલે નજરે જોયેલી હકીકત તેમાં લખેલી છે.

ગુરુ વિજયસેનસૂરિ પાસેથી ધર્મશાસ્ત્રના નિયમો સ્વીકારી 'સંઘપતિ'ની દીક્ષા સ્વીકારી. શુભ મુહૂર્તે યાત્રાનું સંઘપ્રસ્થાન કરવામાં આવ્યું; સંઘ ધોળકાથી શરૂ કરવામાં આવ્યો. આ સંઘમાં પ્રખ્યાત આચાર્યો, લાટ, ગૌડ, મરૂ (મારવાડ), કચ્છ, ડાહલ, અવંતિ અને વંગ દેશના સંઘપતિઓ પોતાના સંઘ સાથે આવ્યા હતા. જેમનું અનેક રીતે સન્માન કરવામાં આવ્યું હતું. વાહનો, નોકરો ભાતુ, પાણીનાં તથા રસોઈનાં વાસણો, દવાઓ, વૈદ્યો, રક્ષકો, હથિયારબંધ ૧,૦૦૦ ઘોડેસવારો સાથે લીધા હતા. કુલ સાડાચાર હજાર વાહન હતાં, સાતસો સાંઢણીસવારો હતા. એના ઉપરી તરીકે ચાર સામંતો હતા.

ધોળકેથી પહેલો મુકામ કાશહ્દ (કોસિંદ્રા) કર્યો. ત્યાં ઋષભનાથના મંદિરમાં મોટો ઉત્સવ ઉજવ્યો; આ પ્રમાણે રસ્તામાં આવતાં દેવમંદિરો, તીર્થો વગેરેનાં પૂજન, અર્ચન, જીર્ણોદ્ધાર વગેરે કરીને તથા ઠામઠામ સ્વામિવાત્સલ્ય (ભોજન) કરી શેત્રુંજે પહોંચી ગયા અને ત્યાં તંબૂઓ નાખ્યા. વસ્તુપાલ દરેક મુકામ પર સૌની સગવડ અને સંભાળ લીધા પછી જ પોતાની વ્યવસ્થા કરતો.

---

૧. ઈ. સ. ૧૨૨૧ (વિ. સં. ૧૨૭૭) યાત્રાનો ઉલ્લેખ પ્રબંધચિંતામણી પૃ. ૨૦૯માં છે તથા ગિરનારના વસ્તુપાલના મંદિરના લેખમાંય છે.

શેત્રુંજય ઉપર આઠ દિવસ સુધી સંઘ રહ્યો. રોજ ત્યાં કેસરસ્નાન, સ્તવન, પૂજન, કીર્તન વગેરે કરી; સંઘ ત્યાંથી પાછો ફર્યો. ત્યાંથી ગિરનાર તરફ આવતાં; કોડીનારથી સંઘ દેવપાટણ (પ્રભાસ પાટણ) આવ્યો. અહીં ભગવાન શંકરનું પૂજન કર્યું. સર્વધર્મ ઉપર સહિષ્ણુભાવવાળા અને વાડાબંધીના મિથ્યા ભેદોને નહિ માનનારા મંત્રીશ્વરે જિનેશની યાત્રા પ્રસંગે ભગવાન શંકરની પૂજા કરી, એક અપૂર્વ આદર્શ દૃષ્ટાંત રજૂ કર્યું. પ્રબંધ-ગ્રંથોએ તેની પ્રેમપૂર્વક નોંધ લીધી છે.

ગિરનાર ઉપર નેમિનાથની કેસરપૂજા, સ્તુતિ, આરતિ વગેરે વિધિ પ્રમાણે પૂજન કર્યું. અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. આઠ દિવસ સુધી વસ્તુપાલે ઘણાં દાનધર્મો કર્યાં. આમ અનેક ધર્મકાર્ય કરતાં તેઓ પાછા ફર્યા. ત્યાંથી વામનસ્થળીને રસ્તે થઈ ધોળકા પાછો સંઘ આવ્યો, રાજા વીરધવળે તેનું સામૈયું કર્યું.[૨] પછી તેઓ ખંભાત આવ્યા.[૩]

આ યાત્રામાં તેજપાળની સ્ત્રી અનુપમા તથા વસ્તુપાલની સ્ત્રી લલિતાદેવી અને સોખુકા નામની એ સ્ત્રીઓ તથા સગાંવહાલાં સાથે હતાં.

---

૨. ગુજરાતી દીપો. અંક સને ૧૯૩૯ પૃ. ૪૫. શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવેનો લેખ તથા ગુ. મ. રા. ઈ. પૃ. ૪૪૬ના આધારે.

૩. કીર્તિ કૌ. પ્ર. પૃ. ૩૭.

## પ્રકરણ ૧૦ મું

# વાઘેલા સમયનું ખંભાત

## ( ચાલુ )

## ( ઈ. સ. ૧૨૪૪–૧૩૦૪ )

**આબુ ઉપરના મંદિરમાં પ્રતિષ્ઠિત થયેલી શ્રીનેમિનાથની મૂર્તિ, ખંભાતમાં તૈયાર થયેલી**

આબુ ઉપરનું મંદિર તેજપાળે ઈ. સ. ૧૨૩૧ ( સં. ૧૨૮૭ )માં બંધાવ્યું. તેમાં મૂળનાયક તરીકે બાવીસમા જૈન તીર્થંકર શ્રી નેમિનાથ છે. વસ્તુપાલના મોટાભાઈ લુણિગની યાદગીરીમાં[1] લુણ–વસતિ તરીકે જાણીતું દેલવાડાના દેવાલયમાં બનાવ્યું. આ નેમિનાથ પ્રભુની પ્રતિમા ખંભાતમાં બનાવી હતી.[2] આબુ ઉપરના એક લેખમાંના શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે ' શ્રી તેજપાલ મંત્રીએ સ્તંભતીર્થમાં થયેલું; અને આંખને અમૃત સમાન અને કષાયેલા પથ્થરનું બનાવેલું બિંબ ત્યાં સ્થાપન કર્યું.' અને ખંભાતથી લાવીને ત્યાં મૂકવામાં આવ્યું. તેની પ્રતિષ્ઠા નાગેન્દ્રગચ્છના હરિભદ્રસૂરિના શિષ્ય શ્રી વિજયસેનસૂરિ પાસે મહોત્સવપૂર્વક વિ. સં. ૧૨૮૭ના ચૈત્ર વદી ૩ને રવિવારને દિવસે કરાવવામાં આવી.'[3]

આ મૂર્તિનો પથ્થર ખંભાત લાવવામાં આવ્યો હશે; અને તેની મૂર્તિ તૈયાર કરી આબુપર્વત ઉપર લઈ જવામાં કેટલી મહેનત, તથા કેટલું ખર્ચ કર્યું હશે એ આશ્ચર્યમુગ્ધ કરી મૂકે છે.

---

૧. પ્ર. ચિ. પૃ. ૧૦૧

૨. પાલ્હણપુત્રકૃત આબુરાસ

૩. જૈન સ. પ્ર. માસિક પુ. ૬ પૃ. ૨૩૯- ' અર્બુદકલ્પ '

આ મંદિર બહારથી સાદાં લાગે છે; પરન્તુ એની અંદરની શિલ્પસમૃદ્ધિ જોનારને ઘડીભર થંભાવી દે છે. કઝિન્સ લખે છે કે ' આ મંદિરોમાં છત, સ્તંભો, બારસાખો, તખતીઓ અને ગોખલાઓ ઉપરનાં સૂક્ષ્મ કોતરણીવાળાં અલંકરણો કેવળ અદ્ભુત છે. આરસ ઉપર કંડારેલું, ઝીણું, ચમકદાર, જાણે સફેદ શંખ ઉપર કર્યું હોય એવું કામ અજોડ છે, અને કેટલાંક કલારૂપો તો ખરેખર સૌન્દર્યનાં સ્વપ્ન જેવાં છે. કામ એટલું બારીક છે કે સાધારણ કોતરકામથી આ પરિણામ લાવવાનું અશક્ય હતું, કહે છે કે આમાંનું ઘણું કામ તો આરસ ઘસીને કરવામાં આવ્યું હતું.' ' તેજપાળના મંદિરના ઘુમટના મધ્યભાગમાંથી લટકતું લંબક તો પ્રત્યેક આગંતુકનું ધ્યાન આકર્ષી લે છે. કર્નલ-ટોડ યોગ્ય જ કહે છે કે ' એનું ચિત્ર આલેખતાં કલમ હારી જાય છે અને અત્યંત ધૈર્યવાન કલાકારની પીંછીને પણ તે થકવી નાખે એમ છે.' તે અર્ધા ખીલેલા કમળના ગુચ્છ જેવું દેખાય છે. જેની પાંખડીઓ એટલી સૂક્ષ્મ, એટલી પારદર્શક અને બારીકાઈથી કોતરેલી છે કે તે આંખને વિસ્મયથી સ્તબ્ધ કરી દે છે,' પરન્તુ આ મંદિરોની શિલ્પસમૃદ્ધિ માત્ર નિર્જીવ વસ્તુઓનાં આલેખન પૂરતી મર્યાદિત નથી. સાંસારિક જીવનનાં દૃશ્યો, વેપાર, વહાણવટુ તથા રણક્ષેત્રનાં દૃશ્યોનું આલેખન પણ તેમાં છે અને નિશ્ચયપૂર્વક કહી શકાય કે પુરાતત્વનો કોઈ પણ અભ્યાસી આ શિલ્પોનું ધ્યાનપૂર્વક અવલોકન કરે તો મધ્યકાલીન ભારતનાં જીવન અને રીતરિવાજો વિષેની અનેક રસપ્રદ

બાબતો વિષેનું એનું જ્ઞાન એટલું વધે કે આ શ્રમનો પૂરતો બદલો મળી જાય.'[૪] બાર કરોડ અને ત્રેપનલાખ આબુ ઉપરના લુણવસતિ બંધાવવામાં ખર્ચ્યા હતા.[૫] આ જરા અતિશયોક્તિ ગણી શકાય તોપણ ઘણું જ દ્રવ્ય ખર્ચ્યું છે; તે પ્રત્યક્ષ દેખાય છે. આ મંદિરનો બાંધનાર સૂત્રધાર શોભન હતો; તેણે વસ્તુપાલ – તેજપાળને અમરત્વ આપ્યું છે; અને ગુજરાત જેને માટે સદાકાળ ગૌરવ લઈ શકે છે.

## વસ્તુપાલે કરાવેલાં લોકોપયોગી કામો

ખંભાતમાં ઉત્તર પ્રદેશથી આવતા બ્રાહ્મણોને રહેવા માટે બ્રહ્મપુરીઓ કરાવી; હાલમાં ખંભાતમાં ચોવીસી બ્રહ્મપોળ, સાત બ્રહ્મપોળ, મોટી ત્રણ પોળ વગેરે નામની પોળો છે તે તેણે વસાવેલી. વળી લક્ષ્મીજીનું મંદિર બંધાવ્યું. તો તે હાલનું ચોકસીની પોળનું મહાલક્ષ્મી માતાજીનું મંદિર હોવું જોઈ એ. બકુલાદિત્યનું મંદિર બંધાવ્યું; એમ લખ્યું તો તે સૂર્યમંદિર હાલ નથી પરંતુ નગરા સૂર્યમંદિરને જો ગણીએ તો તે મંદિર વરસાદથી પડી ગયું હતું અને વિ. સં. ૧૨૯૨માં તેમની પત્નીઓના નામથી તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી તેણે શૈવમઠો બંધાવ્યા તથા વૈદ્યનાથ મહાદેવનું એક નવું શિવમંદિર બંધાવ્યું. તથા ભટ્ટાદિત્યમંદિરની મૂર્તિની ઉત્તાનપીઠિકા કરાવી. કાળીતલાવડીના ભીમેશ્વરના મહાદેવના શિખર ઉપર સુવર્ણ કળશ તથા ધ્વજદંડ કરાવ્યો. એ લાખ સૌનૈયાનાં તોરણ ખંભાતમાં કરાવ્યાં;૪

૪. ફૉર્બ્સ રાસમાલા પુ. ૧ પૃ. ૨૫૭--૨૫૮

૫. પ્રબંધકોશ. પૃ. ૧૨૯ના આધારે મહામાત્ય વસ્તુપાળનું સા. મં. પૃ. ૫૨--૫૩

૪. કીર્તિકૌમુદી પ્રસ્તાવના ગુ. વ. સો. પૃ -૩૦

આદિનાથ ચૈત્યમાં સુવર્ણના નવા કુંભો કરાવ્યા; અને નેમિનાથ તથા પાર્શ્વનાથની દેવકુલિકા કરાવી[૨] આમ રાજાના ચૈત્યમાં એક દિવ્ય પાષાણનું તોરણ કરાવ્યું [૩] તથા સેંકડો જૈન ચૈત્યો કરાવ્યાં.

આ ઉપરાંત જળ તથા સ્થળમાર્ગથી આવતા વેપારીઓના સુખ માટે દાણાના બે મંડપો જુદાં જુદાં કરાવ્યાં. ગરીબ માણસોને ભોજન મળે તે માટે દાનશાળાઓ કરાવી. સમુદ્રના પાણીમાંથી પકડવામાં આવતાં માછલાં બંધ કરાવ્યાં.

આ પ્રમાણે ધનવાન મંત્રીએ શ્રી સ્તમ્ભતીર્થમાં જિનભવનો, શિવભવનો, ધર્મશાળાઓ, મોટી જિનપૂજાઓ, સંઘપૂજાઓ, કવિઓને તથા સુજ્ઞ જનોને અભિષ્ટદાન તથા પુસ્તકલેખન સરસ્વતી ભાંડાગારો વગેરે અનેક સુકૃત્યો કર્યાં. તેણે પાંચ કરોડ દ્રમનો વ્યય કરી પોતાની સમૃદ્ધિ સફળ કરી છે.

## વૃદ્ધગચ્છનું નામ તપાગચ્છ પાડયું

એક વખતે મંત્રીશ્વર ધોળકે હતા. તે વખતે શ્રી નાગેન્દ્રાચાર્ય પાસે તેમણે શ્રી જગચ્ચન્દ્રમુનિનું માહાત્મ્ય સાંભળ્યું કે અત્યારે 'શ્રી સ્તંભતીર્થમાં વૃદ્ધગચ્છના સ્વામી ચન્દ્રશાળાવાળા શ્રી જગચ્ચન્દ્ર વિચરે છે. આ ક્રિયાવંત મુનિઓમાં પ્રથમ તથા

૧. બકુલાદિત્ય તથા વૈદ્યનાથનું શિવાલય કરાવ્યાનું સુ. સં. સર્ગ ૧૧માં લખ્યું છે; આ બકુલાદિત્ય (સૂર્યમંદિર) તથા વૈદ્યનાથનું મંદિર ક્યાં આવ્યું તે સ્પષ્ટ થતું નથી.

૨. ઉસવાળગચ્છના મંદિરમાં ખંભાતમાં પોતાની કેલિકા નામની ફોઈ અને કાકાતિહુણપાળના કલ્યાણ સારું મૂર્તિઓ કરાવી. (હપંકિ)

૩. ખંભાતમાં ઘણાં ચૈત્યો છે; જેનાં નામોનો કાલાંતરે ફેરફાર થયો છે એટલે આમાં રાજાનું ચૈત્ય ઓળખી શકાતું નથી.

સદા આંબિલનો તપ કરવામાં રકત છે.' આ ગુણો સાંભળી વસ્તુપાળ ખંભાત આવ્યા અને તેમને વંદન કર્યું. તે મુનીન્દ્રે તેમને ધર્મલાભરૂપ આશીર્વાદસહ લક્ષ્મીનો સદુપયોગ કરવા વિશે દેશના આપી.

વિ. સં. ૧૨૮૫માં મહોત્સવપૂર્વક વૃદ્ધગચ્છનું નામ તપાગચ્છ પાડ્યું.

## મલ્લવાદી અને વસ્તુપાલ

મારવાડના દેશના રહેનાર મલ્લવાદી પોતાની ભૂમિમાં દ્રવ્ય વગેરેના અછતપણાને લીધે દુઃખી થતા હતા; તે વસ્તુપાળની કીર્તિ સાંભળી સ્તંભતીર્થ આવ્યા. તે વસ્તુપાળના પ્રસંગમાં આવે છે. તેનાં દુઃખ જાણી લે છે. અને તેને દસહજાર સોનામહોરો આપે છે. તે દ્રવ્ય વડે તેણે ભરૂચના ચૈત્યનો ઉદ્ધાર કરાવ્યો.

## ગુર્જર પુરોહિત સોમેશ્વર ખંભાતમાં

વસ્તુપાલ અને તેનો પુરોહિત સોમેશ્વરદેવ[1] ખંભાતના સમુદ્રતટ ઉપર ફરતા હતા. તે વખતે વહાણમાંથી ઘોડા ઊતરતા હતા. મંત્રીએ તેને સમસ્યા પૂછી કે વર્ષા – સમયે સમુદ્ર ગર્જનાથી રહિત છે. સોમેશ્વરદેવે તે સમસ્યા પૂરી કરી 'કે જાણે અંદર સૂતેલા જગન્નાથની નિદ્રાના ભંગના ભયથી.' આ પ્રસંગે તેણે ઉચિત દાન તરીકે તેને સોળ ઘોડા આપ્યા. વળી કોઈ વાર મંત્રીએ કહ્યું કે કાગડો કે ઊંટ ? સોમેશ્વરે પદ્ય પૂર્ણ કર્યું; કે જેણે મારા પતિને આવતો મને જણાવ્યો, ( એવો કાગડો ) અને જે લાવ્યો એવો ઊંટ. ૧૬૦૦૦ દ્રમ્મો બક્ષીસ આપ્યાં. સોમેશ્વરદેવે કીર્તિકૌમુદી તથા સુરથોત્સવ નામે બે ઇતિહાસગ્રંથો રચ્યા છે.

૧. સોમેશ્વરદેવ સંબંધમાં ચતુર્વિંશતિપ્રબંધમાં પૃ. ૨૩૮.



ખંભાતનો મહામાત્ય વસ્તુપાલ અને તેની બે રાણીઓ લલિતાદેવી અને વયજલદેવી ( ઈ. સ. ૧૨૨૦ )



તેજપાલ અને તેની સ્ત્રી અનુપમાદેવી (ઈ. સ. ૧૨૨૦)

મહામાત્ય વસ્તુપાળ–તેજપાળ માટે જૈન સાહિત્યના ઈતિહાસમાં લખે છે કે :

હિંદુસંસ્કૃતિના અસામાન્ય સંરક્ષક થઈ ને પણ મુસલમાનના ધર્માચરણ માટે અનેકાનેક મસ્જિદો બંધાવી આપનારા, જૈનધર્મના પરમ ઉપાસક થઈ ને પણ સેંકડો શિવાલયો, સંન્યાસી-મઠો ચણાવી આપનારા, 'અહિંસા પરમોધર્મ'ના દૃઢ શ્રદ્ધાળુ થઈને પણ દેશદ્રોહી અને ધર્મદ્વેષી-ઓનો સફળ ઉચ્છેદ કરાવી નાખનારા, રાજ્ય-લક્ષ્મીના સ્વયંવર જેવા સ્વામી બનીને પણ દાસીની જેમ તેને તુચ્છકારી કાઢનારા, રાજા-મહારાજાના નમસ્કાર ઝીલનારા થઈને પણ ગુણવાન દરિદ્રોની ચરણપૂજા કરનારા, કુટિલ નીતિના સૂત્રધાર થઈને પણ કવિતા અને કળાની સરિતામાં નિરંતર ક્રીડા કરનારા અને વિદેશીઓ અને વિધર્મીઓની લક્ષ્મીને લૂંટનારા બનીને પણ દાનાર્થી માટે ધનની નદીઓ વહેવડાવનારા એ ગુર્જર મહામાત્યોના જોડી પુરુષો ભારતના અને ખંભાતના ઇતિહાસમાં શોધ્યા જડે એવા નથી.[૧]

## ખંભાતનો હાકેમ

**જયંતસિંહ ( વિ. સં. ૧૨૭૯ ) –ઈ. સ. ૧૨૨૩**

ખંભાતના મહામાત્ય વસ્તુપાલને બે પત્નીઓ હતી. તેમાં પ્રથમ પત્ની લલિતાદેવીથી થયેલો પુત્ર તે જયંતસિંહ – તેને જૈત્રસિંહ પણ કહે છે,

વસ્તુપાલે પોતાના પુત્ર જયંતસિંહને પોતાની જગા આપી એટલે કે કારભાર સોંપ્યો હોય એમ લાગે છે;[૧] અથવા જયંતસિંહ વસ્તુપાલના કારભારમાં મદદ કરતો હોય એ વધારે બંધ બેસતું છે.

જયંતસિંહ તેના પિતાના જેવો ધર્મિષ્ઠ, શ્રદ્ધાળુ અને પ્રજાને સુખી કરનાર હતો, જયંત-સિંહના મનને આનંદ આપવા માટે બાલચંદ્રસૂરિએ લગભગ ૧૩મા સૈકાની આખરે 'વસંતવિલાસ' નામે ઐતિહાસિક મહાકાવ્ય રચ્યું. વળી જયસિંહ-સૂરીએ 'હમીરમદમર્દન' નામે નાટક વસ્તુપાલ-તેજપાલની પ્રશસ્તિ કરતું વિ. સં. ૧૨૮૬માં રચેલું અને આ નાટક ભીમેશ્વરમાં ભજવાયું. જયંતસિંહની આજ્ઞાથી ખંભાતના ( કાળીતલાવડીના) ભીમેશ્વર ભગવાનની યાત્રાના ઉત્સવપ્રસંગે પહેલ-વહેલું ભજવાયું હતું. આ નાટકની તાડપત્રી પ્રતિ ઈ. સ. ૧૨૩૦ ( વિ. સં. ૧૨૮૬ )માં લખાયેલી જેસલમેરના ભંડારમાં છે. એટલે આ નાટક ઈ. સ. ૧૨૨૩ અને ૧૨૩૦ની વચ્ચે રચાયું હશે.[૨]

ખંભાતમાં સંસ્કારિતાનું ધોરણ કેટલું ઊંચું હશે તે આથી સહેજે જણાઈ આવે છે. સંસ્કૃત નાટકો પર્વના દિવસોએ અથવા ઉત્સાવના દિવ-સોએ ભજવાતાં હતાં અને લોકો ઉત્સાહપૂર્વક એ જોવા આવે; સામાન્ય માણસો પણ નાટકના સંસ્કૃત સંવાદો સમજી શકે એ ખરેખર સંસ્કૃતિનું ઉત્તમ દૃષ્ટાંત છે. આવાં નાટકો ઘણુંખરું મંદિરોમાં

---

૧. જૈ. સા. ઈ. પૃ. ૩૦૮

૨. महामात्य श्री वस्तुपालस्यात्मजे महं श्री ललिता-देवी कुक्षि सरोवर राजहंससायमाने महं श्री जयंतसिंहे सं. ७९ पूर्वं श्री स्तंभतीर्थे मुद्राव्यापारान् व्यापृण्वतिसति. ગિરનારપ્રશસ્તિ. પ્રા. જૈ. લે. સ. ભા. ૨, લેખાંક ૩૮. આ પંક્તિઓનો ભાવાર્થ તે પુસ્તકમાં એવો આપ્યો છે કે સં...૭૯ પહેલાં તે સ્તંભતીર્થ ( ખંભાત )માં મુદ્રાવ્યાપાર ( નાણાંનો વ્યાપાર–નાણાવટીનો ધંધો ) કરતો હતો. પણ મુદ્રાવ્યાપાર એટલે રાજમુદ્રા ( અધિકાર )થી શોભતો એવો લેવો ઠીક છે, વળી વસ્તુપાળના મરણ પછી જયન્ત-સિંહના શૌર્યથી આકર્ષાઈ વિશળદેવે તેને પેટલાદનો સૂબો નિમ્યો હતો. એટલે તે ખંભાતનો સૂબો હોવા વધારે સંભવ છે.

पेटलादपुरैश्वर्यं जैत्रसिंहायमन्त्रिणे
पराक्रमगुणक्रीतः प्रसन्नोऽदात्ततो नृपः ॥

૩. વ. સા. મં. પૃ. ૧૧૧ – વસ્તુપાળનું ( સાહિત્યમંડળ )

રાજા, મંત્રી કે ધનિક વેપારીની આજ્ઞાથી ભજવાતાં હતાં :

વળી વસ્તુપાળની પ્રશસ્તિ કરતી બીજી કૃતિ 'વસંતવિલાસ' છે તે પણ વસ્તુપાળના પુત્ર જૈત્રસિંહ (જયંતસિંહ)ની વિનંતીથી રચાયું છે[3] તેની રચનાનો ઉલ્લેખ નથી; પણ વસ્તુપાળના અવસાનનો ઉલ્લેખ ઈ. સ. ૧૨૪૦ ( સં. ૧૨૯૬ ) બતાવ્યો છે. એટલે ત્યાર પછી તે રચાયું હશે, વળી જયંતસિંહ વિદ્યાવિલાસી હતો. જિનપ્રભસૂરિએ તેના ( જયંતસિંહના ) વાચન માટે ઈ. સ. ૧૨૩૪ ( વિ. સ. ૧૨૯૦ )માં 'પ્રબન્ધાવલિ' નામે ગ્રંથ રચ્યો.[4]

હમીરમદમર્દન નાટક પાંચ અંકી છે.[5] વસ્તુપાળ મીલચ્છીકાર ( હમીર )ના ધર્મગુરુ રાદી અને કાદી ખલીફ તરફથી વજ્દીન નામના સેનાપતિને તેડીલાવી પોતાના હમીરનું રાજ્ય પ્રબળ કરવા દરિયામાર્ગે આવે છે પણ ખંભાતના અખાતમાં તેઓનાં વહાણ જપ્ત કરી તેઓને કેદ કરે છે, મીલચ્છીકાર પોતાના એલચીદ્વારા ઘણું દ્રવ્ય આપી છૂટકારો કરાવે છે. હમીમીરનું ગર્વખંડન કરી ધોળકા નરેશ વીરધવળની સાર્વભૌમસત્તાનું અને મહામાત્ય વસ્તુપાળ – તેજપાળની કારકિર્દીનું વર્ણન કરી નાટકની સમાપ્તિ કરે છે.

## કર્ણદેવ વાઘેલો

### વિ. સં ૧૩૫૩–સં. ૧૩૫૬

સારંગદેવ પછી તેનો ભત્રીજો કર્ણદેવ ગાદી ઉપર બેઠો. તેના ગાદી ઉપર આવવાનાં વર્ષ દરેક ગ્રંથમાં – મિરાતે એહમદી વગેરે મુસ્લિમ ગ્રંથો તથા વિચારશ્રેણી તથા તીર્થકલ્પમાં જુદાં જુદાં આપ્યાં છે, પરંતુ તેના શિલાલેખો ઉપરથી નિશ્ચિત થાય છે કે તેનો વિ. સં. ૧૩૫૩ રાજ્યારંભનો સમય છે. અને રાજ્યાન્તનું વર્ષ વિ. સં. ૧૩૫૬ આપેલું છે તે બરાબર છે.[1]

મુસલમાનોને ગુજરાત ઉપર તેડી લાવવામાં કર્ણનો પ્રધાન માધવ નાગર બ્રાહ્મણ કારણભૂત થયો હતો એ વાત ભાટચારણોની જોડી કાઢેલી છે એમ કહીને ફાર્બસે રાસમાળામાં ખોટી માની હતી. અને ગેઝેટીયરના લેખકે તેને વજન આપ્યું ન હતું. પરંતુ ત્યાર પછી ઘણાં ઐતિહાસિક પ્રમાણો પ્રકાશમાં આવ્યાં. એ ઉપરથી એ બીના સત્ય હોય એમ જણાય છે. કર્ણે કોઈ કારણથી તેને પ્રધાનપદેથી દૂર કર્યો હોય અને એ પદ પ્રાપ્ત કરવાને માટે પણ મુસલમાનોને તેડી લાવ્યો હોય !

મુસલમાનોએ પાટણને ઘેરો ઘાલ્યો; તે વખતે કર્ણદેવ મુસલમાનો સાથે લડ્યો નથી. તે પાટણમાં ન હતો પણ અસાવલ (કર્ણાવતી)માં હતો. કર્ણ નાસીને ખંભાત થઈ દક્ષિણમાં ગયો હતો.[2] જો તે પાટણમાં હોત તો તે દક્ષિણ તરફ નાસી શકત નહિ; પણ તેને પશ્ચિમ તરફ કચ્છમાં નાસવું પડત કારણ કે મુસલમાનો મોડાસા થઈને દક્ષિણ–પૂર્વ તરફથી ચઢી આવ્યા હતા. તીર્થકલ્પમાં તો સ્પષ્ટ રીતે જણાવે છે કે કર્ણ અસાવલમાંથી નાઠો હતો. એટલે અસાવલને કોટ – કિલ્લો ન હતો તેથી તેમાં ભરાઈ બચાવ કરી શકે તેમ નહોતું. આથી તે નાસીને ખંભાત ગયો હોય એમ જણાય છે. નસરતખાન ખંભાત ઉપર ગયો એનો હેતુ કર્ણને

---

૩. વ. સા. મં. પૃ –૧૧૦

૪. વ. સા. મ. પૃ. ૧૦૨

૫. આ નાટક વિષેની ચર્ચા ગુજરાતી દીપો. અંક ૧૯૩૭ પૃ. ૯૫-૯૭, ઉપર છે.

૧. ગુજરાતી દીપો. અંક ૧૯૩૩, ૧૫મી ઑક્ટોબર, પૃ. ૧૭

૨. એજન

પકડવાનો હોવો જોઈએ. કર્ણના ઉપર ભીરુતાનો આક્ષેપ ટકી શકે નહિ.[3]

કાન્હડદે પ્રબંધમાં પદ્મનાભે કર્ણને વગોવવામાં બાકી રાખી નથી. મુસલમાન ઇતિહાસકારોએ આ વાત લખી છે તે મૂળ બનાવ પછી ત્રણસેં વર્ષ કેડે અકબરના સમયમાં થયેલા છે. તેના સમયના નજીકના થયેલા ઝિયાઉદ્દીન બર્ની નામના લેખકે સં. ૧૪૧૫માં અલાઉદ્દીનનો ઇતિહાસ લખ્યો છે. તેણે પોતાની ૭૪ વર્ષની ઉમરે લખ્યો છે. તો તે વખતે હયાત હોત. પરંતુ તેણે માત્ર મોઘમ લખ્યું છે. કૌલાદેવી બાદશાહની બેગમ થઈ એમ લખ્યું નથી. આ કથાનું મૂળ અમીર ખુશરૂ છે. તેણે ફારસીમાં 'દવલરામની ખિજ્રખાન' નામનું કાવ્ય છે તેમાં આ પ્રસંગ ઊભો કર્યો છે. કર્ણપુત્રી દેવળદેવીને પકડી મંગાવી તેને બાદશાહી શાહજાદા જોડે પરણાવી હતી એ હકીકતનો આધાર પણ અમીર ખુશરૂના ઉક્ત કાવ્ય ઉપર જ છે.[4]

આ રીતે હિંદુ રાજ્યસત્તા મુસલમાનોના હાથમાં ગઈ.

---

૩. ગુજરાતી દીપોત્સવી પૃ. ૧૯૩૩

૪. 'શું કર્ણદેવ વાઘેલો દુષ્ટચરિત હતો ?' ગુ. દી. અંક ૧૯૩૩, પૃ. ૧૫, લે. શ્રી રામલાલ ચુનીલાલ મોદી.

પ્રકરણ ૧૦ મું

# મુસલમાન રાજ્યની સ્થાપના

ઈ. સ. ૧૨૯૭ની સાલ ગુજરાતના ઇતિહાસમાં યાદગાર અને સંક્રાંતિકાળની છે. ગુજરાતને માથે આવી પડેલાં અનેક વિપત્તિનાં વર્ષોમાંનું આ એક વર્ષ છે. ગુજરાત ઉપર ચઢાઈ કરનારાઓ ખંભાતને ભૂલ્યા નથી.

ગુજરાતના અણહીલવાડની ગાદી પર મહારાજા કરણદેવ રાજ્ય કરતો હતો. વાઘેલાવંશનો એ છેલ્લો રજપૂત રાજા હતો, તે પ્રજાપાલક અને ધર્મપ્રેમી રાજાને કેટલાક લેખકોએ 'કરણઘેલો' એ નામથી ચિતર્યો છે પરન્તુ દિનપ્રતિદિન થતી જતી ઐતિહાસિક શોધો અને મનનીય વિચારણાના પરિણામે તે રાજાને એબ લગાડનારી હકીકતો ખોટી અને વજૂદ વગરની ગણાવા લાગી છે.[1]

કરણદેવના સમયમાં ગુજરાતની પ્રજા સુખી હતી. નંદનવંશી ગુજરાતની વાડી ચારે દિશામાં મહેંકી રહી હતી. તેના પરિમલથી દૂરદૂરના મોટા મોટા રાજવીઓ આકર્ષાયા હતા. દિલ્હીની ગાદી પર પોતાના કાકાને મારીને બેઠેલા અલાઉદ્દીન બાદશાહની કરડી નજર ગુજરાત પર ઠરી હતી. તાજો ગાદી પર બેઠેલો અને વળી જુદા જુદા મુલકોને જીતી સાર્વભૌમ સુલતાન થવાની તેનામાં અતિશય તમન્ના હતી. તેની પાસે ઝિયાઉદ્દીન બરાણી નામનો એક ગૃહસ્થ હતો; તેનો બાપ અને કાકો અલાઉદ્દીનને 'મહાન સિકંદર' થવાની ઉત્કટ ઇચ્છાને પાણી પાતા હતા.

સુલતાન ગુજરાત વિષે પૂછે છે કે :

> પુછ્છઈ વાત પાતશાહ ઈસી
> ગુજરાતી તે કહઈ કિસી
> કીસ્યું ખંભાયત અણહલપુર
> કીસ્યું દીવગઢ માંગલહૂર '[2]

### ગુજરાત પર ચડાઈ (ઈ. સ. ૧૨૯૭)

ગુજરાતનાં વખાણ સાંભળીને સુલતાન અલાઉદ્દીને ઉલુઘખાન તથા પ્રધાન નસરતખાનને વિશાળ ફોજ આપી ગુજરાતની વાડીને લૂંટીને પોતાને સ્વાધીન કરવા મોકલ્યા. તેમની ફોજ મુલકો લૂંટતી અને વેરાન કરતી અણહીલવાડ પર આવી પહોંચી. અણહીલવાડનો કિલ્લો એકદમ લેવાય તેમ ન હતો; કરણદેવ સામો થયો; પરન્તુ છેવટે ઉપાય નથી રહ્યો એમ લાગ્યું ત્યારે તે નાસી ગયો અને ખંભાત આવ્યો, ત્યાંથી તે દક્ષિણમાં ગયો ત્યાં બાગલાણના કિલ્લામાં જઈ ભરાયો. ફોજે શહેર લૂંટ્યું અને કરણની રાણીને લઈ ગયા જે પાદશાહની બેગમ બની.

### ખંભાત પર મહાન ભયંકર આફત

ઉપરના કાવ્ય પરથી જણાય છે કે ગુજરાતનાં પ્રસિદ્ધ અને સમૃદ્ધ શહેરોને લૂંટવા બાદશાહની આંતરિક ઈચ્છા હશે. આ સમયે ખંભાતમાં ઘણા ધનાઢ્ય પુરુષો વસતા હતા. વેપારરોજગાર ધમધોકાર ચાલતો અને નાણાંની રેલમછેલ હતી. વસ્તી

---

૧. 'ગુજરાતનો બુઝાતો દીપક' પુસ્તકની પ્રસ્તાવના તથા સ્વ. શ્રી રામલાલ ચુનીલાલ મોદીનો ગુજરાતી દિપોત્સવી અંક 'શું કરણદેવ દુષ્ટ ચરિત હતો ?'

૨. કહાનડદે પ્રબંધ પદ્મનાભરચિત વિ. સં. ૧૫૧૨.

તથા વૈભવથી તેની કીર્તિ સાંભળી મુસલમાની ફોજે અણહિલવાડ લીધા પછી ખંભાત તરફ પ્રયાણ કર્યું. ખંભાતને ચારે દિશાએથી ઘેર્યું. વકરાયલા સૈનિકોએ તેને લૂંટયું ઘણાં દેવમંદિરોનો ઘાણ નીકળી ગયો. હજારો માણસો માર્યાં ગયાં અનેક દોલતમંદોની અખૂટ દોલત લૂંટાઇ. અઢળક દ્રવ્ય મળ્યું તે વિષેનું વર્ણન નઝિયતઉલ અમસારના લેખક વસફે આપ્યું[1] કે 'ખંભાત તે સમયનું હિંદનું સૌથી ધનવાન શહેર હતું. લશ્કર ચઢી આવ્યું તેની લોકોને ખબર પણ નહોતી, તે કારણથી ઘણી નાસભાગ થઈ. ઘણું સોનુ, રૂપુ, જવાહર, કપડાં વગેરે લૂંટાઇ ગયું. મુસલમાનોએ ઘણા લોકોને મારી નાખ્યા અને વીસ હજાર સુંદર સ્ત્રીઓને કેદ પકડી (આમાં વીસ હજારનો આંકડો કદાચ અતિશયોક્તિ હશે) આ વખતે ખંભાતમાં એણે મલીક કાકુર હઝાર દીનારી નામનો એક સુંદર ગુલામ પકડયો હતો જે પાછળથી અલ્લાઉદ્દીનના દરબારમાં સર્વશ્રેષ્ઠ થઇ પડયો હતો.'

શ્રી. ક. મા. મુનશી પોતાની નવલકથા 'ભગ્ન પાદુકા'[2]માં લખે છે કે 'મલેક કાકુર માનવ ઇતિહાસનો કોયડો છે. એનું અસલ નામ 'માણિક' હતું. લગભગ બધા ઇતિહાસકારોએ સ્વીકાર્યું છે એ અસલ હિંદુ હતો. ઇ.સ. ૧૨૯૯માં જ્યારે ઉલુઘખાને એને (ખંભાતથી) મેળવ્યો ત્યારે તે મુસ્લિમ ધર્મનો હતો; ખ્વાજા હતો. હજાર દિનારે વેચાયલો. ખંભાતમાં રહેતો અને કોઈનો ગુલામ હતો. સાથે વિકૃત વાસનાથી લોકોને મોહિત કરનાર હતો. તવારીખકાર ઇસામી એનાં જુલ્મોનો ઉલ્લેખ કરે છે. બરાનીએ તેનાં કૃત્યોનું અશ્લીલ વર્ણન કર્યું છે કે એ ભાગનો તરજૂમો કરતાં ઇલિયટને તે ભાગ છોડી દેવો પડયો છે ઈ.સ. ૧૨૯૯ માં જ્યારે પોતાની મોહિનીથી તેણે અલ્લાઉદ્દીનને વશ કર્યો ત્યારે તેની ભરજુવાની હોવી જોઇએ.

થોડાં વર્ષોમાં કાકુર સેનાપતિએ મોગલોના લશ્કરને હરાવી ગયા પછી સાત આઠ વર્ષમાં તો તેણે દક્ષિણમાં સલ્તનતનો વાવટો ફરકાવ્યો. પછી તો અલ્લાઉદ્દીન પર એનું પૂરેપૂરું વર્ચસ્વ જામ્યું. અલ્લાઉદ્દીન ઇ.સ. ૧૩૧૬માં મરી ગયો. એના મૃત્યુમાં કાકુરનો હાથ હોય તો નવાઇ નહિ કારણ કે તેણે સુલતાનના મરણ પછી એના બાળકપુત્રને ગાદી પર બેસાડી પોતે રાજ્યરક્ષક થઈ બેઠો. કાકુરને અલ્લાઉદ્દીનના નાના છોકરા મુબારકે ઇ.સ. ૧૩૧૬માં મરાવ્યો, અને આ દુષ્ટતાની મૂર્તિની કારકીર્દી પૂરી થઇ. બહુ બહુ તો તે ૪૦-૪૫ વર્ષનો હશે. પૂર્વવૃત્તાંત જે એની ભાવી જાણીતી કારકીર્દીમાં પરિણ્યો એ કલ્પવું ઘણું અઘરું થઇ પડયું.


હિંદુ ઇતિહાસકારો તેને હિંદુમાંથી મુસલમાન થયો હોવાનું કહે છે; જ્યારે કોમિસેરિયેટ તેમના (અં.) ઈતિહાસમાં તેને તુર્કસ્તાનથી આણેલો ગુલામ વર્ણવે છે. તે નવો મુસ્લિમ હતો. તેને બાદશાહે ઉંચે દરજ્જે ચઢાવ્યો ત્યારે તેને 'મલેક'નો ખિતાબ આપ્યો; તેથી 'મલેક' ઉપનામ છે. મૂળ જાતિનું નામ નથી. 'મલેક'નો અર્થ રાજા થાય છે.[1]

અલ્લાઉદ્દીને મલેક કાકુરને પોતાના રાજ્યની નોકરીમાં રાખ્યો. તે છેક હલકી નોકરીમાંથી પોતાની હોશિયારી, ચપળતા અને કુશળતાને લીધે ઊંચામાં ઊંચી પાયરી પર ચડયો. એટલે સુધી કે બાદશાહ તેના સિવાય કોઈનું માને જ નહિ. પરિણામે તે ખૂબ ફાવી ગયો. તેણે દક્ષિણ ઉપર સવારી કરી સારો વિજય મેળવ્યો. હતો. તેમ દેવળદેવીનો કબજો પણ લીધો હતો. ઠેઠ રામેશ્વર સુધી તે વિજયી બન્યો હતો. રાજ્ય ખટપટમાં ખૂબ ફાવ્યો, અને છેવટે તેમાંજ તેનો ઘાટ ઘડાઇ ગયો.


૧. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ. ઈસ્લામયુગ ખંડ ૧-૨ પૃ. ૧૩૧ ટીપ

૨. 'ભગ્નપાદુકા' ઉપોદ્ઘાત પૃ. ૩


૧. ચરોતર સર્વસંગ્રહ ભા. ૧લો પૃ. ૮૦૭




ખંભાતમાં ઇસ્ટ ઇંડિયા કંપનીનું કોઠીનું મકાન (ઇ. સ. ૧૬૧૩)




ત્રંબાવટી સ્ટીમર ( ઇ. સ. ૧૯૪૯ )



બાહુડકનો કુંડ ખંભાત



વસ્તુપાળના હસ્તાક્ષર (વિ. સ ૧૨૯૦)



ખંભાતની દક્ષિણે બાજુનો દેખાવ (સને ૧૭૭૨)

## પહેલો સૂબો અલપખાન
## ( ઈ. સ. ૧૩૦૦ થી ૧૩૧૬ )

ઈ. સ. ૧૩૦૦માં મુસલમાન સત્તાની ગુજરાતમાં સ્થાપના થઈ, તેનો પહેલો સૂબો અલપખાન હતો. તેનું બીજું નામ મલીક સંજર હતું. આ અલપખાન અલ્લાઉદ્દીનનો સાળો થતો હતો. રાજ્યના મોટા ચાર અમીરોમાં તેની ગણતરી થતી હતી. સોલંકી અને વાઘેલા રજપૂત રાજાઓના સમયમાં ખંભાતને તેનાં ગામો સાથે એક સ્વતંત્ર ભાગ તરીકે ( જિલ્લો કહીએ છીએ ) ગણવામાં આવતું હતું અને તે મુજબ ખંભાતને એક વિભાગ તરીકે ચાલુ રાખવામાં આવ્યું હતું; અને અલ્લાઉદ્દીનના તરફથી અલપખાન ખંભાતમાં સત્તાધીશ હતો એવું સ્તંભન પાર્શ્વનાથના જિનાલયના લેખ ઉપરથી જણાય છે. આ સૂબાએ ઈ. સ. ૧૩૦૦થી ૧૩૧૬ સોળ વર્ષ સુધી રાજકારભાર કર્યો; તેની રાજ્યવ્યવસ્થા વખણાતી હતી. મલીક કાફુરના હુકમથી તેણે અલપખાનને મારી નાખ્યો હતો. ત્યાર પછી કમાલુદ્દીનને ગુજરાતનો સૂબો નીમવામાં આવ્યો પણ તે તરત મરણ પામ્યો.[૧]

## શાહ જેસલ ઈ. સ. ૧૩૧૦ (વિ. સં. ૧૩૬૬ )

ઈ. સ. ૧૩૨૦ (વિ. સં. ૧૩૬૬ )ની સાલમાં સ્તંભતીર્થમાં શાહ જેસલ નામે એક ધનાઢ્ય શ્રાવક થઈ ગયા. તેમના સમયમાં દિલ્હીના ગાદી ઉપર અલાઉદ્દીન બાદશાહનું રાજ્ય હતું. તેના તરફથી તેના પ્રતિનિધિ તરીકે અલપખાન ખંભાતમાં હતો.[૨] શાહ જેસલે પોષધશાળા સહિત અજિતદેવ તીર્થંકરનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું; શત્રુંજય અને ગિરનાર ઉપર મહાતીર્થોની સંઘયાત્રાઓ કાઢી હતી. પાટણમાં વિધિચૈત્ય બંધાવ્યું હતું તથા પોષધશાળા બંધાવી હતી; જેસલમેરમાં પાર્શ્વનાથ તીર્થંકરનું વિધિચૈત્ય કરાવ્યું હતું. શાહ જેસલને રાજુદેવ, વોલીય, સાહ જેહડ, સાહ લખપતિ, સાહ ગણધર એ ચાર ભાઈ ઓ હતા, અને સાહ જયસિંહ, સાહ જગધર, સાહ સલખણ, સાહ રત્નસિંહ વગેરે પુત્રો હતા. ખંભાત ઉપર ઉલુકખાને ઈ. સ. ૧૨૯૯માં ચડાઈ કર્યા પછી બાર વર્ષે આ બનાવ બન્યો છે.

## શ્રી સ્તંભન પાર્શ્વનાથ - સ્તંભતીર્થમાં
## ઈ. સ. ૧૩૧૨ (વિ. સં. ૧૩૬૮ )

અલ્લાઉદ્દીનના સમયમાં ખંભાતમાં અને ગુજરાતમાં હિંદુ મંદિરોનો ધ્વંસ કરવામાં આવ્યો. જૈનોનું પવિત્ર ધામ શત્રુંજય પણ તેમાંથી બચ્યું નહિ. પરંતુ ખંભાતમાં ધનાઢ્ય જૈનો વસતા હતા. પ્રાચીનકાળથી શ્રી સ્તંભન પાર્શ્વનાથની પ્રતિષ્ઠાએ જૈનોમાં ભક્તિભાવ ભર્યો હતો. આ મૂર્તિ સ્તંભનકપુર ( થામણા )માં હતી, ત્યાંથી વિ. સં. ૧૩૬૮ – ઈ. સ. ૧૩૧૨માં જૈનોએ સ્તંભતીર્થ – ખંભાતમાં લાવી પ્રતિષ્ઠિત કરી. આ માટે શ્રી મેરુતુંગ સૂરએ વિ. સં. ૧૪૧૩ – ઈ. સ. ૧૩૫૭માં ' સ્તંભનાથ ચરિત ' નામે સંસ્કૃત ગ્રંથ લખ્યો છે. તેમાં લખ્યું છે કે सं. १३६८ वर्षे इदंच बिंबं श्री स्तंभतीर्थे समयातीत '[૧] આ પાર્શ્વનાથના માહાત્મ્ય વિષે ઘણા કવિઓએ તેમના ગુણાનુરાગ ગાયા છે.

## સાહણપાલ ઈ. સ. ૧૩૧૫ ( વિ. સં. ૧૩૭૧ )

અલપખાનના સમયમાં ખંભાતમાં સાહણપાલ નામે એક મહા ધનાઢ્ય શ્રાવક રહેતા હતા. તેમના

---

૧. ગુ. સા. ઇ. પૃ. ૧૪૬ ટીપ

૨. ખંભાતના ખારવાડાના શ્રીસ્તંભનાથ પાર્શ્વનાથ જિનાલયની ઉત્તર તરફની ભીંતમાં શાહ જેસલને લગતો વિ. સં. ૧૩૬૬નો શિલાલેખ આપેલો છે. તે લેખ મારા પ્રા. ખં. જૈન ઈ. માં છપાવ્યો છે.

૧. ' સ્તંભન પાર્શ્વનાથ પ્રબંધ ' (સં.) હસ્તલિખિત ગ્રંથ શ્રી પુણ્યવિજયજી મહારાજ ખંભાતમાં શ્રી શાંતિનાથ તાડપત્રીય ભંડારનો ઉદ્ધાર કરવા આવેલા ત્યારે મને જોવા આપેલો.

પિતાનું નામ દેસલ હતું. પાટણના તે ઓસવાલે વિ. સં. ૧૩૭૧માં શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર – સંઘ કાઢ્યો હતો. અને બીજી વખતે વિ. સં. ૧૩૭૫માં ઘણું દ્રવ્ય ખર્ચી બીજો સંઘ કાઢ્યો હતો. દેસલને ત્રણ પુત્રો હતા. એકનું નામ સહજપાલ, બીજાનું નામ સાહણપાલ અને ત્રીજાનું નામ સમરસિંહ. આ સાહણપાલે ખંભાતમાં રહી વ્યાપારથી લક્ષ્મી સંપાદન કરી, પોતાની અને પૂર્વજોની કીર્તિને વિસ્તારી હતી. સહજપાલે દક્ષિણમાં દોલતાબાદમાં જિનાલયમાં ત્રેવીસમા પાર્શ્વનાથજીની સ્થાપના કરી ધર્મલાભ મેળવ્યો હતો અને સમરાશાહે વિ. સં. ૧૩૭૧માં શત્રુંજયનો તીર્થોદ્ધાર કરી પ્રતિષ્ઠા મેળવી હતી તે અનેક રાજાબાદશાહોમાં માનવંતો બન્યો હતો.

સાહણના પિતા દેસલે શત્રુંજયની યાત્રા માટે સંઘ કાઢ્યો અને એ સંઘ વિમલાચલ પર ચઢ્યો ન હતો તેવામાં સાહણપાલ ખંભાતથી સંઘ લઈ ત્યાં ગયો અને દોલતાબાદથી સહજપાલ સંઘ લઇ ગયા. તેનો પિતા તથા સમરાશાહ સામા આવ્યા અને પ્રેમથી ભેટ્યા.

આ સંઘમાં ખંભાતથી ઘણા આચાર્યો તથા વંશપરંપરાગત સંઘપતિત્વ પ્રાપ્ત કરનાર સંઘવી લાલા, સં. સિંહભટ, વસ્તુપાલના વંશજ મંત્રી વીજલ વગેરે સંઘમાં આવ્યા હતા. સમરાશાહે સર્વનો સત્કાર કર્યો હતો.

પિતા દેસલની સાથે પુત્રોએ દેવોની પૂજાઓ કરી સોનું, રૂપું, હીરા, વસ્ત્રાભૂષણ વગેરેનાં દાન કર્યાં. ભગવાનની વિ. સં. ૧૩૭૧ના મહા સુદ ૧૪ને સોમવારે પ્રતિષ્ઠા કરી. દસ દિવસ સુધી ઉત્સવ કરવામાં આવ્યો. અગિયારમા દિવસે આરતી કરવામાં આવી. સ્વામીવાત્સલ્ય કરી સંઘ પાછો ફર્યો. આ પ્રભાવિક પુરુષનું શત્રુંજય તીર્થોદ્ધારમાં અમર નામ નોંધાયું છે.[૧]

૧. દેસલની વંશાવળી મારા ‘ ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ ’ પૃ. ૯૧ ઉપર આપી છે. સાહણપાલની હકીકત વિસ્તારથી ત્યાં આપી છે. વળી ‘ શત્રુંજય તીર્થોદ્ધાર ’ શ્રી જિનવિજયજીનો તથા જૈનયુગ પુ. ૧ અંક. ૩, પૃ. ૪૧૦ જુઓ.

## ખંભાતના સમુદ્રનો અધિકારી
## ( બહરબક ) ઇખ્તિયાર ઉદ્દૌલા ઇ. સ. ૧૩૧૬

અલ્લાઉદ્દીને ખંભાતની વ્યવસ્થા માટે અગર તો રાજ્યમાં થયેલી અશાંતિને દાબવા માટે બહરબક એટલે સમુદ્રના અધિકારી તરીકે ઇખ્તિયાર ઉદ્દૌલાને નીમ્યો હતો. આ અધિકારી સમુદ્રમાં આવતાં વહાણો વગેરેને લગતું કામકાજ કરતો હતો. તે હી. સ. ૭૧૬ (તા. ૬ સપ્ટેંબર ૧૩૧૬ )મા ખંભાતમાં ગુજરી ગયો.

તેની કબર ખંભાતના ત્રણ દરવાજાની દક્ષિણે પોલીસ–કચેરી અને મામલતદારની કચેરીની વચ્ચેના ભાગમાં છે. જે રસ્તા ઉપરથી દેખાય છે. આ કબર ઉપર ફારસી ભાષામાં લેખ છે. તેનું ભાષાંતર આ પ્રમાણે છે :

‘ ખમ્બાયત નગરમાં સૈયદ ઇખ્તિયાર–ઉદ્–દૌલ્લાવદીન દરિયાના કમાન્ડર — કે જે પ્રભુના ધામમાં બિરાજે છે અને જેનાં બધાં પાપો માફ કરવામાં આવ્યાં છે, તેવા મોટા અમીરની આ કબર છે. તેના આરામગૃહને ભગવાન ઠંડું રાખે. તે મંગળવારે ૧૭મી જુમાદા-૨–તેને સાન્ત્વન આપે.’ ૭૧૬ હીજરી ( ૬ સપ્ટેંબર ૧૩૧૬ ઈ. સ. )માં મૃત્યુ પામ્યો. હે ખુદા, મહંમદ અને તેના વંશજોનું કલ્યાણ કરો.’[૧]

૧. આ લેખનું ભાષાન્તર ‘ યઝદાની ’એ કર્યું છે. ( એપિગ્રાફિકા ઇંડો મુસ્લિમિકા સને ૧૯૧૭ – ૧૮. પાનું ૩૮ ) આ લેખનું ભાષાન્તર પ્રો. કોમીસેરિયેટ કૃત અં. ઈ હિસ્ટ્રી ઑફ ગુજરાત ’ પાન ૧૫ ઉપર છે. અરબી ભાષાનું હી. સ. ૭૧૬ ( ઈ. સ. ૧૩૧૬ ). આ કોતરણીકામવાળો શિલાલેખ છે. અલ્લાઉદ્દીન ખિલજીના વખતમાં આ ઈખ્તિયાર – ઉદ્દૌલ્લા ખંભાતના દરિયાનો આધકારી હતો. લેખના ઉપરના ભાગમાં કુરાનની આયત છે.

વળી પેટલાદમાં અર્જુન શાહની કબરમાં અલ્લાઉદ્દીનના સમયમાં અલપખાનની સૂબાગીરીમાં ઇખ્તિયારુદ્દીનના અમલમાં હી. સ. ૭૧૩ (ઈ. ૧૩૧૩)માં મસ્જિદ બંધાયાનો લેખ છે.

આથી સમજાશે કે ખંભાતના સમુદ્રકિનારા ઉપર ઠેઠ દિલ્હીથી અધિકારી નિમાતા હતા, અને તેનું રક્ષણ કરતા હતા. નૌકા–સેનાધિપતિને મીરેબહર કહેતા તેમ આ વખતે 'બહરબક' કહેતા એમ સમજાય છે. ખંભાતના સમુદ્રવ્યાપારના નિયમન માટે ખાસ અધિકારી નીમવો પડે એ ખંભપટ્ટના સમુદ્રવ્યવહારની મહત્તા અને અલ્લાઉદ્દીનના કાર્યદક્ષતા સૂચવે છે. અલપખાનનો અમલ પૂરો થતાં એ અધિકારીનું શહીદ તરીકે મરણ થયું એ પણ ગુજરાતમાં કેટલી ભારે અશાંતિ આ તાજા મુસલમાન – અમલથી થઈ હશે એ સૂચવે છે.[૨]

૨. ગુ. સાં. ઇ. – પૃ. ૧૫૩

પ્રકરણ ૧૧

# તઘલખ વંશ

ઈ. સ. ૧૩૨૦ થી ઈ. સ. ૧૪૧૩

ગિયાસુદ્દીન તઘલખ

ઈ. સ. ૧૩૨૦ – ઈ. સ. ૧૩૨૫

ખુશરૂખાનની બાદશાહત થોડો વખત રહી. ગાઝી મલીકે દિલ્હી ઉપર ચડાઈ કરી તે સર કર્યું. અને પોતે ગિયાસુદ્દીન તઘલખશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો. તેના વખતમાં ખાસ જાણવાજોગ બનાવ બન્યો નથી.

મહંમદ તઘલખ

ઈ. સ. ૧૩૨૫ — ઈ. સ. ૧૩૫૧

આ બાદશાહ સંબંધી સારી અને ખરાબ બંને જાતની હકીકતો મળે છે. કેટલાક તેને ઉત્તમ રાજકર્તા કહે છે અને કેટલાક તેને ગાંડો કહે છે. તે ફારસી સાહિત્યમાં સારો વિદ્વાન હતો. તેના સમયમાં દેશમાં બળવા થવા લાગ્યા. હિન્દના કેટલાક ભાગમાં અમીરોનો એક મોટો વર્ગ ઊભો થયો હતો, તેને 'અમીરાને સદહ' — 'સેંકડોના અમીરો' એમ કહેતા. આ અમીરો દર એકસો ગામનું મહેસૂલ ઉઘરાવવા રાખેલા હતા. તેઓ લશ્કર રાખી જોરદાર થયા.

આ વખતે ગુજરાતમાં બળવાની શરૂઆત થઈ. આ વખતે ગુજરાતનો સૂબો મલીક મુકબીલ હતો. તે દેશના મહેસૂલ અને બાદશાહના ઉપયોગને માટે ઘોડા વગેરે લઈ વડોદરાને રસ્તે દિલ્હી જતો હતો. સાથે કેટલાક વેપારીઓ માલ સાથે જતા હતા. અમીરોએ તે બધું લૂંટી લીધું.[૧]

## ખંભાતની જામે મસ્જિદ ઇ. સ. ૧૩૨૫

મુસલમાનયુગ ઈ. સ. ૧૩૦૦ થી શરૂ થયાને પચાસ જ વર્ષ થયાં હતાં; એટલે ઈ. સ. ૧૩૨૫માં મહંમદ તઘલખના સમયમાં ખંભાતની આ વિશાળ અને જોવાલાયક મસ્જિદ બંધાવવામાં આવી છે; તે સમયે ખંભાતમાં મુસ્લિમ વેપારીઓ મોટા પાયા પર વેપાર કરી સારું દ્રવ્ય પ્રાપ્ત કરતા હતા. આ મસ્જિદ મુહમ્મદ અલ બુતમારી (અગર ખુતમારી)એ પોતાની કમાઈથી બંધાવી છે. આ માટેની વિગતવાર હકીકત આગળ લખવામાં આવશે. વળી આ જુમામસ્જિદ બંધાવનાર મુહમ્મદ અલ બુતમારીએ

૧ ગુ. સાં. ઇ. પૃ. ૧૬ (ખં. ૧)

ભરૂચની બહાર વેજલપુરને રસ્તે જતાં ઈદગાહ બંધાવ્યાનો લેખ છે. તેમાં હી. સ. ૭૨૬ના રબીઉલ અવલ માસની ૨૫મી તારીખ આપેલી છે. ( તા. ૧લી માર્ચ ૧૩૨૬ )[1] જે વિષે યથાસ્થાને કહેવામાં આવશે.

### ઈબ્નેબતૂતાએ ખંભાતનું કરેલું વર્ણન[2] ઈ. સ. ૧૩૪૨

આફ્રિકાનો એક મુસ્લિમ મુસાફર :

દિલ્હીના બાદશાહ મહંમદ તઘલખના વખતમાં તે હિન્દમાં આવ્યો હતો. હી. સ. ૭૩૪ ( ઈ. સ. ૧૩૩૪ )ના મુહર્રમ માસની ૧લી તારીખે સિંધુ નદીને કિનારે પગ મૂક્યો. તેનું આખું નામ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ હતું. ઈબ્ને બતૂતા એ તો એના કુળનું નામ છે. ટેન્જીયરમાં ૨૪ ફેબ્રુઆરી ઈ. ૧૩૦૪માં તે જન્મેલો. તે હિંદમાં આવ્યા પછી મહંમદ તઘલખે પોતાને ત્યાં રાખ્યો, આથી તેણે રાજ્યની ઘણી હકીકત નજરે જોઈ હતી; તથા તેણે જ્યાં જ્યાં મુસાફરી કરી, ત્યાં તેણે જાતે જોયેલી હકીકત લખી છે; તેથી તે વિશ્વાસપાત્ર મનાય છે. એલચી તરીકે ચીન જવા માટે તે દિલ્હીથી રવાના થયો. નંદરબાર થઈ સાગર ( સોનગઢ ) ગયો ને ત્યાંથી તે ખંભાત ગયો.

ખંભાત વિષે તે લખે છે[3] કે 'બીજાં શહેરોની સ્પર્ધામાં આ નગર વધારે સુંદર અને દઢ બનેલું છે. અહીંનાં ઘરો અને મસ્જિદો બન્નેય અત્યંત સુંદર છે. અહીંના રહેનારાઓ પણ વધારે ભાગે પરદેશી જ છે. ભવ્ય પ્રાસાદ અને આલીશાન મસ્જિદો પણ વ્યક્તિઓએ બંધાવી છે; અને પ્રત્યેક વ્યક્તિ એકબીજાથી મોટી ઇમારત બનાવવાનો પ્રયત્ન કરે છે. અહીં સૌથી સુંદર ભવન તે કુલીન સામરીનું છે, જેણે બાદશાહ સમક્ષ મને હલવાના સંબંધમાં લજ્જિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. વળી પ્રાસાદોમાં વપરાયેલાં લાકડાંથી વધારે મોટાં અને મજબૂત લાકડાં મારા જોવામાં આવ્યાં નથી. ભવનનો દરવાજો પણ નગરદ્વારની માફક વિશાળ છે. વળી દરવાજાની એક બાજુએ વિશાળ મસ્જિદ બનેલી છે. જે 'સામરીની મસ્જિદ' કહેવાય છે. મલિકુત્તુજ્જાર ગાઝરૂનું ભવન પણ અત્યંત વિશાળ છે. અને તેની બાજુમાં પણ એ જ પ્રકારે એક મસ્જિદ બનેલી છે. આ શહેરના ધનાઢ્ય અને સૌમ્ય મૂર્તિ **નજમુદ્દીન** જ્યુલીની નામક વ્યાપારીએ પણ વિસ્તૃત ગૃહ અને મસ્જિદ બનાવી હતી. એને બાદશાહે બોલાવીને ખંભાતનો શાસક નિયત કરી નગારું, અને ધ્વજ પ્રદાન કર્યું હતું દયારેબકરના નિવાસી ધર્માત્મા કાઝીનાસિર પણ આ શહેરની જામે મસ્જિદના એક ઓરડીમાં રહે છે. અમે પણ જઈ ને તેમનાં દર્શન કર્યાં અને તેમની જોડે ભોજન કર્યું. વળી આ નગરમાં ખ્વાજાઈસ્હાક નામે એક સંત રહે છે. એમના મઠમાં પ્રત્યેક યાત્રીને ભોજન અને ફકીરો તથા દુઃખી પુરુષોને દ્રવ્ય મળે છે; પરંતુ તેમ છતાં પણ લોકો કહે છે કે એમની ધનસંપત્તિમા ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે.'[4]

'ખંભાતના તે વખતના સૂબા મુકબીલ ઉત્તીલંઘીએ ઈબ્ને બતૂતાને પોતાના મહેલમાં જમવા

---

૧. ગુ. સાં. ઈ. ખંડ ૧લો, પૃ. ૩૧૬

૨. પ્રો. કોમીસેરિયેટે પોતાના ( અંગ્રેજી ) ગુજરાતના ઇતિહાસમાં ગીબ્સના તરજુમા ઉપરથી ઈબ્ન બતૂતા માટે આખું પ્રકરણ લખેલું છે. અહીંનું વર્ણન ગુ. સાં. ઈ. ખં. ૧, પૃ – ૧૮૪ ઉપરથી લીધું છે.

૩. 'ત્રૈમાસિક' પુ. ૩, પૃ. ૨૯૧ લે. ઇમામુદ્દીન દરગાહવાલા.

૪. એ જ પૃ. બતૂતાનું હિંદી ભાષા. પૃ. ૩૦૩–૩૦૬, ઇબ્ન બતૂતા આફ્રિકાનો મુસલમાન મુસાફર હતો.